સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૨૬૫ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11







# હવે ભારત-પાક. હળી મળીને રહેશે : ટ્રમ્પે કરેલો દાવો

## ઈજિપ્ત ખાતે ગાઝા શાંતિ સમિટમાં ભારતને મહાન દેશ અને સારો મિત્ર ગણાવતા અમેરિકાના રાષ્ટ્રપતિ

**નવી દિલ્હી, તા. ૧૪**

ઈઝરાયેલ-હમાસ યુદ્ધમાં શાંતિ સમજુતીને આગળ ધપાવવા માટે આજે ઈજીપ્તના પાટનગર કાઈરો પહોંચેલા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈઝરાયેલ-હમાસના યુદ્ધ વિરામનો ઉલ્લેખ કરતા ફરી એક વખત પોતે હવે સાત નહી આઠ યુદ્ધનો અંત લાવ્યો છે તેવા દાવામાં ભારત-પાકનો ઉલ્લેખ કરવાનું પણ ભૂલ્યા ન હતા.

શ્રી ટ્રમ્પે ગાઝા-શાંતિ-શીખર પરિષદને સંબોધન કરતા સમયે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું નામ લીધા વગર જ તેમના ભારત સાથેના સંબંધો ખૂબજ સારા હોવાનું દર્શાવતા કહ્યું કે ભારત મહાન દેશ છે અને સૌથી મહત્વનું તેના નેતા મારા મિત્ર છે અને તેઓ ખૂબ જ સારુ કામ કરી રહ્યા છે.

તેઓએ ભારત-પાક વચ્ચેના મીની યુદ્ધનો ઉલ્લેખ કરતા કહ્યું કે હું માનું છું કે ભારત-પાક હવે ખૂબજ સારી રીતે સાથે રહેશે. પહેલગામ હુમલાના પગલે જે રીતે ભારત-પાક વચ્ચે લશ્કરી અથડામણ થઈ હતી તેમાં ટ્રમ્પ સતત એવો દાવો કરે છે કે તેઓએ બન્ને દેશો વચ્ચે અણુયુદ્ધ થવાની શકયતા હતી તે પણ અટકાવી હતી.

યુદ્ધ વિરામ કરાવ્યુ હતું. ટ્રમ્પે ભારત-પાકનો ઉલ્લેખ કરતા સમયે આ શિખર પરિષદમાં હાજર રહેવા પાક.ના વડાપ્રધાન શાહબાઝ શરીફ તરફ પાછળ જોઈને બરોબર તેવું કહ્યું અને શરીફે પણ ઉત્સાહમાં 'હા' પાડી હતી.

આ અગાઉ ગઈકાલે ટ્રમ્પ ઈઝરાયેલના પાટનગર તેલઅવીવ પહોંચ્યા હતા જયાં તેઓ ગઈકાલે




મુક્ત કરાયેલા ઈઝરાયેલના બંધકોને મળ્યા હતા તથા ઈઝરાયેલની સંસદને પણ સંબોધન કર્યુ હતું. તેમાં પણ ટ્રમ્પે ભારત-પાક યુદ્ધ ખત્મ કરાવ્યાનો દાવો કર્યો હતો. ટ્રમ્પે ટેરીફ અને યુદ્ધને સાંકળી લેતા કહ્યું કે હું ટેરીફ આગળ ધરીને ૨૪ કલાકમાં યુદ્ધ સમાપ્ત કરાવ્યુ છે. જો ટેરીફ ન હોત તો તમે કદી યુદ્ધ ખત્મ કરી શકો નહી. તેઓએ અગાઉ પણ પોતાની ટેરીફ તાકાતને મહત્વની ગણાવી હતી.

કાઈરો બેઠકનું નેતૃત્વ ઈઝરાયેલના પ્રમુખ અબ્દેલ-ફતાહર અલ-સીસી કરી રહ્યા છે. પાક વડાપ્રધાન આ શિખર પરિષદમાં હાજર હતા. ટ્રમ્પે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ આમંત્રણ આપ્યુ હતું પણ મોદીએ જવાનુ પસંદ કર્યુ નથી અને ભારતનું પ્રતિનિધિત્વ વિદેશ રાજયમંત્રી કિર્તી વર્ધનસિંહ કરી રહ્યા છે. વડાપ્રધાન શ્રી મોદીએ ગાઝાની શાંતિ-સમજુતીને આવકારી છે અને તે માટે પ્રમુખ ટ્રમ્પની પ્રશંસા પણ કરી હતી.

મધ્યપુર્વની શાંતિ-શિખર વાર્તા સમજુતીમાં ભાગ લઈ રહેલા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ શિખર બેઠકમાં હાજર રહેવા ઈટલીના વડાપ્રધાન મેલોનીની પ્રશંસા કરતા તેમને બેહદ ખૂબસૂરત કહ્યા હતા તથા અવિશ્વસનીય તથા સફળ રાજનેતા પણ ગણાવ્યા હતા જેનું ઈટલીમાં ખૂબજ સન્માન છે.મેલોની આ બેઠકમાં હાજર રહેનાર એકમાત્ર મહિલા રાષ્ટ્રનેતા છે. પ્રમુખ ટ્રમ્પે મેલોનીની પ્રશંસા કરવામાં કોઈ શબ્દોની કમી રાખી ન હતી. તેઓએ કહ્યું કે મંચ પર ઉભેલા ઈટલીના પીએમ અત્યંત ખૂબસૂરત યુવતી છે.

# જેન-ઝીએ મડાગાસ્કરમાં સરકારને ઉથલાવી પાડી

### યુવાનો રસ્તા પર ઉતરી પડતા રાષ્ટ્ર પ્રમુખ દેશ છોડીને ભાગી ગયા

નવી દિલ્હી, તા. ૧૪

નેપાળમાં હિંસક આંદોલન કરી થેહ ઢ એટલે કે યુવાઓ દ્વારા સરકાર ઉથલાવી દેવામાં આવતાં હવે વિવિધ દેશોના યુવાઓએ પોતાના દેશની સરકાર વિરૂદ્ધ આંદોલન છેડ્યું છે. આ પહેલા નેપાળમાં ઝેન-ઝેડે ઉગ્ર આંદોલન કરી સત્તા પલટાવી નાખી હતી, હવે ટાપુ દેશ મડાગાસ્કરમાં યુવાઓ ઉગ્ર આંદોલન ચલાવી રહ્યા છે.

અઠવાડિયાઓ સુધી ચાલેલા યુવાનોના ઉગ્ર વિરોધ-પ્રદર્શન બાદ ત્યાંના રાષ્ટ્રપ્રમુખ આંદ્રે રાજોએલિના દેશ છોડીને ભાગી ગયા છે. રાજોએલિનાએ એક દિવસ અગાઉ જ દાવો કર્યો હતો કે, સેનાની મદદથી દેશમાં તખ્તાપલટના પ્રયાસો થઈ રહ્યા છે.

આ પહેલા ગયા મહિને નેપાળમાં પણ યુવાઓ દ્વારા આવા જ ઉગ્ર વિરોધ-પ્રદર્શનો થયા હતા, જેના પગલે ત્યાંના વડાપ્રધાને રાજીનામું આપવું પડ્યું હતું. રેડિયો ફ્રાન્સ ઈન્ટરનેશનલના રિપોર્ટ મુજબ, ફ્રાન્સના રાષ્ટ?ર્પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોનની વિનંતી પર એક ફ્રેન્ચ સૈન્ય વિમાને રાષ્ટ્રપ્રમુખ આંદ્રે રાજોએલિનાને ત્યાંથી સુરક્ષિત

અનુસંધાન પાના ૭ પર

# ભારત છેલ્લી ૨૭ ટેસ્ટ મેચોમાં વેસ્ટ ઈન્ડિઝ સામે હાર્યું નથી

### બીજી ટેસ્ટમાં ૭ વિકેટથી ભારતની જીત

વધુ એહેવાલ પાના નં ૨ પર

**નવી દિલ્હી, તા. ૨૬**

નવી દિલ્હી. ભારતે અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે વેસ્ટ ઈન્ડિઝ સામેની બીજી ટેસ્ટ ૭ વિકેટથી જીતી હતી. આ સાથે, ટીમ ઈન્ડિયાએ શ્રેણીમાં ૨-૦ થી ક્લીન સ્વીપ પૂર્ણ કર્યું. વેસ્ટ ઈન્ડિઝે છેલ્લી ૨૭ ટેસ્ટ મેચોમાં ભારતને હરાવ્યું નથી. વેસ્ટ ઈન્ડિઝે મે ૨૦૨૨ માં કિંગ્સ્ટનમાં ભારત સામેની મેચ ૧૫૫ રનથી જીતી હતી. આ પછી, ટીમ ઈન્ડિયાએ વેસ્ટ ઈન્ડિઝને યોગ્ય જવાબ આપ્યો, તે જ વર્ષે સતત બે મેચ જીતી. નવેમ્બર ૨૦૦૨ અને જૂન ૨૦૦૬ દરમિયાન ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની સતત ચાર મેચ ડ્રો થઈ હતી. જોકે, આ વર્ષે, ટીમ ઈન્ડિયાએ કિંગ્સ્ટન ખાતે યજમાન ટીમ સામે ૪૯ રનથી જીત મેળવી હતી.

ભારત અને વેસ્ટ ઈન્ડિઝે ૨૦૧૧ માં કુલ ૬ ટેસ્ટ રમી હતી, જેમાં ૩ મેચ જીતી હતી અને સમાન સંખ્યામાં મેચ ડ્રો થઈ હતી.

૨૦૧૩ માં, બંને દેશોએ કુલ બે મેચ રમી હતી. આ સમયગાળા દરમિયાન, ભારતે બંને મેચ ઈનિંગ્સના માર્જિનથી જીતી હતી. ૨૦૧૬માં, ભારત-વેસ્ટ ઈન્ડિઝ ટીમો કુલ ચાર ટેસ્ટ રમી હતી, જેમાં બે જીતી હતી, જ્યારે બે મેચ ડ્રો રહી હતી.

૨૦૧૮ થી ૨૦૧૯ દરમિયાન, ટીમ ઈન્ડિયાએ ચારેય મેચ જીતી હતી. ૨૦૨૩માં, ભારતે એક મેચ ઈનિંગ્સના માર્જિનથી જીતી હતી, જ્યારે એક ડ્રો રહી હતી. ૨૦૨૫માં, ટીમ ઈન્ડિયાએ બંને મેચમાં વેસ્ટ ઈન્ડિઝને હરાવીને

અનુસંધાન પાના ૭ પર


# વિશ્વના સૌથી શક્તિશાળી રોકેટ સ્ટારશિપનું પરિક્ષણ

**નવી દિલ્હી, તા. ૧૪**

વિશ્વના સૌથી શક્તિશાળી રોકેટ, સ્ટારશિપે એનું ૧૧મું પરીક્ષણ લોન્ચ સફળતાપૂર્વક કર્યું. એ મંગળવારે (૧૪ ઓક્ટોબર) સવારે ૫.૦૦ વાગ્યે ટેક્સાસના બોકા ચિકાથી લોન્ચ કરવામાં આવ્યું.

આ પરીક્ષણ ૧ કલાક અને ૬મિનિટ ચાલ્યું, જેમાં સ્ટારશિપને હિંદ મહાસાગરમાં ઉતારવામાં આવ્યું. આ ઉડાનનો હેતુ ભવિષ્યમાં રોકેટની એના પ્રક્ષેપણ સ્થળ પર પાછા ફરવાની ક્ષમતાનું પરીક્ષણ કરવાનો હતો.આ રોકેટ સ્પેસએક્સ દ્વારા બનાવવામાં આવ્યું હતું, જે વિશ્વના સૌથી ધનિક ઉદ્યોગપતિ ઈલોન મસ્કની માલિકીનું છે. સ્ટારશિપ અવકાશયાન (ઉપરનો ભાગ) અને સુપર હેવી બૂસ્ટર (નીચલો ભાગ)ને સામૂહિક રીતે

અનુસંધાન પાના ૭ પર




# કુપવાડામાં ઘૂસણખોરી કરતા બે આતંકવાદીઓ ઠાર મરાયા

### શિયાળા પૂર્વે જ કાશ્મીરમાં ઘુસણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવાયો

નવી દિલ્હી, તા. ૧૪

તરી કાશ્મીરમાં એલઓસી પર મચ્છલ (કુપવાડા)સેકટરમાં સોમવારે સેનાના જવાનોએ પાક.આતંકીઓનાં જવાનોએ પાક. આતંકીઓનાં ઘુસણખોરીનાં એક પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો.દિવાળી અને શિયાળા પૂર્વે પીઓકેથી ઘુસણખોરીની કોશીશને નિષ્ફળ બનાવાઈ હતી. સુરક્ષા દળોની કાર્યવાહી દરમ્યાન બે ઘુસણખોર આતંકીઓ ઠાર થયા હતા.

આ ઘટના વિસ્તારમાં કમકાડી ક્ષેત્રમાં બની હતી. સુત્રોના જરાવ્યા મુજબ એલઓસી પર પેટ્રોલીગ કરી રહેલા જવાનોએ સાંજે લગભગ ૭ વાગ્યે કેટલાંક હથીયારધારી તત્વોને પીઓકે તરફથી ભારતીય ક્ષેત્રમાં પ્રવેશ કરતા જોયા હતા.

જવાનોએ તરત આસપાસની ચોકીઓને જાણ કરી અને પોતાની

અનુસંધાન પાના ૭ પર

# મોબાઈલનું વળગણ ૪૧ દેશોમાં સૌથી વધુ : ભારત ૧૩માં સ્થાને

**નવી દિલ્હી, તા. ૧૪**

બીજીંગ : માત્ર ભારત જ નહીં પરંતુ દુનિયાનાં તમામ દેશો મોબાઈલના વ્યસન સામે ઝઝૂમી રહ્યાં છે. સોશિયલ મીડિયાએ દરેકને કબજે કરી લીધું છે. ચીનમાં સ્માર્ટફોનનું વ્યસન સૌથી વધુ છે. આ વર્ષે હાથ ધરવામાં આવેલાં એક અભ્યાસમાં, તેને ૩૬.૧૬ પોઈન્ટ મળ્યાં (૧૦ થી ૬૦ ના સ્કેલ પર).

આ પછી સાઉદી અરેબિયા, મલેશિયા, બ્રાઝિલ, દક્ષિણ કોરિયા, ઈરાન અને કેનેડા જેવાં દેશો આવે છે. આ માહિતી એક વૈશ્વિક અભ્યાસનાં આધારે જાહેર કરવામાં આવી છે, જેમાં ૪૧ દેશોના ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

આ અભ્યાસમાં ભારતનો સ્માર્ટફોન વ્યસન સ્કોર ૩૨.૩૮ હતો, જે ૪૧ દેશોમાં ૧૩મા ક્રમે છે. જો આપણે કારણોમાં જઈએ,

અનુસંધાન પાના ૭ પર

# સોના-ચાંદીમાં વર્લ્ડ માર્કેટમાં અભૂતપૂર્વ તેજી

## સોનાનો વૈશ્વિક ભાવ ૪૧૬૦ ડોલર તથા ચાંદીનો ૫૩.૧૬ ડોલરની નવી ટોચે

**નવી દિલ્હી, તા. ૧૪**

સોના-ચાંદીમાં ભાવો બેકાબુ બન્યા હોય અને અવિરત તેજીનું વાવાઝોડુ હોય તેમ ભાવમાં આજે પણ ધરખમ ઉછાળો નોંધાયો હતો. ચાંદી સડસડાટ બે લાખના સ્તરે પહોંચવા લાગી હોય તેવુ ચિત્ર હતું જયારે સોનું ૧.૩૦ લાખની સપાટીને પાર થયુ હતું.

વિશ્વ સ્તરે સોના-ચાંદીનાં ભાવ સતત સળગતા હોય તેમ આજે વધૂ ઉછાળો હતો.રાજકોટમાં આજે સવારે હાજર સોનું ૧.૩૦,૭૬૦ થયુ હતું ૨૦૦૦ રૂપિયાથી અધિકનો ઉછાળો હતો. કોમોડીટી એકસચેંજમાં ૧૨૬૬૪૦ તથા વિશ્વ બજારમાં ૪૧૬૪ ડોલરના રેકોર્ડસ્તરે પહોંચ્યુ હતું.

ચાંદીની તેજી તો સોનાથી પણ ધરખમ હતી. રાજકોટમાં હાજર ચાંદી ૬૬૦૦ રૂપિયાના ઉછાળા સાથે ૧૯૧૪૦૦ હતી. કોમોડીટી એકસચેંજમાં ભાવ ૧૬૧૩૪૦ તથા વિશ્વબજારમાં ૫૩.૧૬ ડોલર હતી. કોમોડીટી એકસચેંજનાં વાયદા તથા હાજર ચાંદી વચ્ચેનો ભાવ તફાવત ચાંદીમાં ૩૦,૦૦૦ પર પહોંચ્યો હતો.જયારે સોનામાં ૨૦૦૦ હતો.

ચાંદીમાં ધરખમ પ્રિમીયમ પાછળનું કારણ ફીઝીકલ માલની અછતનું રહ્યું છે. પુષ્યનક્ષત્ર ધનતેરસ જેવા ખરીદીનાં પવિત્ર દિવસોનાં સમયે જ ચાંદીમાં માલની અછત છે.એકાદ સપ્તાહથી માલની તંગી છે. સામે ડીમાંડ સતત ઉભી છે અને એટલે ભાવ ડબલ વેગથી વધી રહ્યા છે. વેપારીઓએ તો અઠવાડીયાથી જ બુકીગ ઓર્ડર બંધ કરી દીધા છે.

કારણ કે આવતી સપ્લાયમાં જ ચારથી સાત દિવસનો સમય નીકળી જતો હોવાથી કમીટમેન્ટ પુરા થઈ શકવાની સ્થિતિ રહી ન હતી. ચાંદીમાં તો અત્યારે વેપાર ઠપ્પ થયાની હાલત છે.માત્ર રાજકોટ કે ગુજરાત જ નહિં દેશભરમાં અછતની હાલત છે અને દરેક સેન્ટરોમાં જુદા જુદા ભાવ બોલાય રહ્યા છે.

ચાંદીમાં માત્ર બે જ દિવસમાં ૨૦,૦૦૦ નો ભાવ વધારો થયો છે. ચાલુ ઓકટોબર મહિનામાં ૪૨૦૦૦ રૂપિયાની તેજી થઈ છે.સોના-ચાંદીમાં તેજી પાછળ અનેકવિધ કારણો જવાબદાર ગણવામાં આવી રહ્યા છે. રશીયા-યુક્રેન યુદ્ધ સહીત વૈશ્વિક સ્તરે ભૌગોલીક-આર્થિક અસ્થિરતા, અમેરિકાના ટેરીફ વોર, કરન્સીમાં નબળાઈ, દુનિયાભરની સેન્ટ્રલ બેંકોની

અનુસંધાન પાના ૭ પર




સાંધ્ય દૈનિક

**પ્રતાપ દર્પણ**

'પ્રતાપ દર્પણ' દૈનિકમાં દિવાળીની શુભેચ્છા જાહેરખબર માટે નીચે મુજબના મોબાઈલ નંબર પર સંપર્ક કરવા વિનંતી છે.

લી.

જગદીશ ચાવડા

(સહતંત્રી)

મોબાઈલ નં. ૯૮૨૫૫૩૨૫૦૫



# વિકાસ સપ્તાહ અંતર્ગત તમામ ઝોનમાં યોજાયેલી મેરેથોન દોડ

## વિકાસ સપ્તાહની ઉજવણી અંગે વિવિધ કાર્યક્રમો યોજાયો

સુરત, તા.૧૪

ગતરોજ''વિકાસ સપ્તાહ'' અંતર્ગત સુરત મહાનગરપાલિકા ઘ્વારા વિવિધ કાર્યક્રમોના આયોજનના ભાગરૂપે સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનમાં '' મેરેથોન'' દોડ નું આયોજન કરવામાં આવેલ. ''મેરેથોન'' દોડ નો મુખ્ય કાર્યક્રમ કતારગામ ઝોનના '' આંબાતલાવડી થી રામકથા રોડ'' ખાતે કરવામાં આવેલ. વધુમાં શહેરી વિકાસ વર્ષની ઉજવણીના ભાગરૂપે વિકાસ સપ્તાહ ૨૦૨૫ દરમ્યાન સુરત મહાનગરપાલિકા ઘ્વારા તા. ૧૨ અને ૧૩ ઓકટોબર ૨૦૨૫ દરમ્યાન નીચે મુજબના કાર્યક્રમ યોજાયેલ. તા.૧૨/૧૦/૨૦૨૫ ના રોજ (૧) કલા સ્થાપત્યનું આયોજન - શહેરનાં જાહેર રસ્તા પરના સર્કલ તથા અન્ય જાહેર સ્થળો પર રીસાયકલ કરેલ વસ્તુઓનો ઉપયોગ કરી સાર્વજનિક કલાસ્થાપ?યનું સર્જન, (૨). ભીત ચિત્રોનું આયોજન - સુરત મહાનગરપાલિકાનાં હદવિસ્તારમાં દરેક ઈલેકશન વોર્ડ દીઠ ૦૨ જાહેર સ્થળોની દીવાલો પર ભીત ચિત્રો બનાવવાની કામગીરી, (૩) વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ તથા ખાતમુહુર્ત, (૪) સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા અધિકારી / કર્મચારીઓને PMJAY આયુષ્માન હેલ્થ કાર્ડ તથા આભા કાર્ડ વિતરણની કામગીરી, (૫) PMSVANidhi Scheme અંતર્ગત સુરત મહાનગરપાલિકા હદવિસ્તારનાં આ યોજનાનાં લાભાર્થીઓને ચેક વિતરણ કામગીરી. તા.૧૩/૧૦/૨૦૨૫ ના રોજ (૧) સુરત મહાનગરપાલિકા હદવિસ્તારમાં મેરેથોન/સાયક્લોથોન, (૨) સુરત

અનુસંધાન પાના ૭ પર

# વિશ્વ શાંતિદૂત બુધ્ધ વિહાર નીલગીરી ખાતે ધમ્મ યાત્રા

## મોડી સાંજે વર્ષાવાસ સમાપન સમારંભ

સુરત, તા.૧૪

ભારતીય બૌદ્ધ મહા સભા,વિશ્ર્વુ શાંતિદુત મહાબોધી બુદ્ધ વિહાર શાંતિનગર નીલગીરી આયોજીત વષાઁવાસ સમાપન સમારોહ, ૬૯ મો ધમ્મચક પ્રવર્તન મહોત્સવ ઉજવણી નાભાગરુપે તારીખ ૧૪/૧૦/૨૦૨૫ મંગળવાર બપોરે ૩/૦૦ કલાકે છત્રપતિ શિવાજી મહારાજ ની પ્રતિમા ને ફૂલહાર કરી ધમ્મ યાત્રા નીકળશે તેમજ સાંજે ૫/૦૦ કલાકે ધમ્મ પ્રબોધન કાર્યક્રમ રીપ્બલીકન પાટી ઑફ ઈન્ડીયા રાષ્ટ્રીય મહાસચિવ માનવબંધુ વિજયભાઈ મૈસુરીયા,ની અધ્યક્ષપદે,તેમજ મુખ્ય મહેમાનપદે ધમ્મ સેવક,ગ્રંથ વાચક ભાસ્કર વાનખડે બૌદ્ધ સમાજ વરિષ્ઠ નેતા,માજી સરપંચ આપ્પાસાહેબ કાશીનાથ સીરસાઠ. અમદાવાદ ઝોન /૬ આઈ.પી.એસ.ડી.સી.પી ભગીરથ ગઢવી સાહેબ રીપ્બલીકન પાટી ઓફ ઈન્ડીયા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ દિલીપ કે સીરસાઠ, ગુજરાત પ્રદેશ મહીલા અધ્યક્ષ આશાબેન મંગલે ,નવી સિવિલ હોસ્પીટલ ના આર એમ.ઓ ડો કેતન નાયક નસીગ એસોસિએશન અધ્યક્ષ ઈકબાલ કડીવાલાની ઉપસ્થિત તેમજ સુરત શહેર ના ડો આંબેડકરી બૌદ્ધ સમાજ ના તમામ સંગઠન ના હોદ્દારો ની ઉપસ્થિતી માં કાયઁકમ યોજાનાર હોવાથી તમામ ભીમસેનિક કાયઁકરો ઉપાસક ઉપાસીકાઓ ને મોટી સંખ્યા માં ઉપસ્થિત રહેવા કાર્યક્રમ ના આયોજક વિશ્ર્વ શાંતિદુત મહાબોધી બુદ્ધ વિહાર સંસ્થાપક અધ્યક્ષ સુભાષભાઈ ઝાડે અખબારી યાદી માં જણાવેલ છે.



# જીવન ભારતી સ્કૂલના ભૂતપૂર્વ છાત્રોનો સ્નેહ મિલન સમારંભ

## શાળાની પ્રગતિમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠનનો અમૂલ્ય ફાળોઃ દર્શના જરદોષ

સુરત, તા.૧૪

જીવનભારતી સ્કૂલ એલ્યુમની એસોસિયેશનના નેજા હેઠળ રવિવારે સ્નેહમિલન કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળામાં ગવાતો શ્લોક બધાએ સાથે મળીને ગાયો, ત્યાર બાદ પ્રમુખશ્રી કેતન દેસાઈએ એસોસિયેશનનાં ઉદ્દેશ્યો જણાવી માત્ર ચાર માસના ટૂંકા ગાળામાં એસોસિએશનએ કરેલી પ્રગતિનો ચિતાર આપ્યો હતો. જીવનભારતી મંડળનાં પ્રમુખશ્રી ભરતભાઈ શાહનું એસોસિયેશનનાં પ્રમુખ દ્વારા સન્માન કર્યું, શ્રી ભરત ભાઈએ શાળાની વર્તમાન પરિસ્થિતિ અને શાળાનાં આયામો જણાવ્યા, મંત્રીશ્રી રચના ચોખાવાળાએ એસોસિયેશનનાં કાર્યક્રમો અને તેના ઉદ્દેશ્યો જણાવ્યા તેને માટેનું પ્રેઝન્ટેશન ઋત્વિ શ્રોફે બનાવ્યું હતું,કોષધ્યક્ષ શ્રી સૌરભ શાહે હિસાબનું સરવૈયું જણાવ્યું, ત્યાર બાદ દાતાઓનું સન્માન કરવામાં આવ્યું, જીવનભારતી મંડળનાં હોદ્દેદાર ઉપપ્રમુખશ્રી પ્રજ્ઞેશ જોશી, મંત્રીશ્રી મયંક ત્રિવેદી, કોષાધ્યક્ષશ્રી ચિંતન શાહને એસોસિયેશન દ્વારા સન્માનિત કરવામાં આવ્યા,શ્રી વસંતભાઈ પટેલનું સન્માન શાળાના જ વિદ્યાર્થીની અને આપણા પૂર્વ સાંસદ શ્રી દર્શનાબેન જરદોષે કર્યું, દર્શનાબેનનું સન્માન પ્રમુખશ્રી કેતન દેસાઈએ કર્યું,શ્રી દર્શનાબેને સંસ્થાની પ્રગતિમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠનનો અમૂલ્ય ફાળાનું મહત્વ જણાવ્યું,દરેક સભ્યએ સ્વ પરિચય આપ્યો, અને ઘણાં સભ્યોએ વિદ્યાર્થી કાળનાં પોતાના સ્નેહ સ્મરણો વાગોળ્યા, ઉદઘોષિકાનું કાર્ય શાલીની દેસાઈએ સાંભળ્યું, તથા સમગ્ર કાર્ય માટે કમિટીનાં સભ્યોએ જહેમત ઉઠાવી પૂર્વી શાહ,સેજલ શાહ, કલ્પેશ શાહ, ધર્મેશ મિસ્ત્રી, જતીન ચેવલી, પંકજ ચોરાવાલા,અભિષેક શર્મા રીનમ શાહ, મિરેન મોદી, નિરવ શાહ, ભાવેશ નાણાવટી.. સહ મંત્રીશ્રી ફાલ્ગુન ગજીવાળાએ અલ્પાહારની વ્યવસ્થા સુપેરે પાર કરી આજની સામાન્ય સભામાં ૮૦થી વધુ સભ્યો આવ્યા હતાં, જીવનભારતી શાળામાં કાર્યરત અટલ ટિંકર લેબનાં ડિરેક્ટર શ્રી અમી નાયક, કુમાર ભવનનાં આચાર્યા શ્રી પિન્કી માળી, કિશોર ભવનનાં નિરીક્ષક શ્રી રાજેશ પારેખ ઉપસ્થિત રહ્યા હતાં, કાર્યક્રમની આભારવિધિ ઉપપ્રમુખ શ્રી દેવાંગ દેસાઈ એ સંપન્ન કરી, અંતે રાષ્ટ્રગીત ગાઈને છૂટા પાડ્યા, સાથે બધાએ ઘારી, ભુસુ અને સમોસા ગુલાબજાંબુ, વેફરની ઉજાણી કરી. પ્રારંભ કાર્યક્રમ ખૂબ સફળ રહ્યો તેનો મુખ્ય શ્રેય શ્રી કેતન દેસાઈ અને ટીમને જાય છે.

# કપડા સહિત જૂની ચીજ-વસ્તુઓ વોર્ડ કચેરીએ મૂકી જવા સૂચના

## પગરખા, પુસ્તકો, રમકડા વગેરેનું જરૂરીયાતમંદોને વિતરણ કરાશે

સુરત, તા.૧૪

સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા તમામ વોર્ડ આ ે ફીસમાં 5R(RRRRR)(REFUSE, REDUCE, REUSE, REPAIR, RECYCLE) સેન્ટરનું બનાવવા આવેલ છે. જ્યાં જુના પુનઃ વપરાશમાં લઈ શકાય તેવી વસ્તુઓ જેવી કે પગરખા, જુના પુસ્તકો, રમકડા, કપડાઓ, ઈ-વેસ્ટ વિગેરે જેવી વસ્તુઓનું કલેક્શન કરવામાં આવે છે. આ વસ્તુઓનું જરૂરિયાતમંદ લોકોને વિતરણ કરવામાં આવે છે. હાલ શહેરનાતમામ નાગરિકોને અનુરોધ છે કે દિવાળીની ઉજવણી નિમિત્તે ઘરની સાફ સફાઈ દરમ્યાન જુના પુનઃ વપરાશમાં લઈ શકાય તેવા પગરખા, જુના પુસ્તકો,રમકડા, કપડાઓ, ઈ-વેસ્ટ વિગેરે જેવી વસ્તુઓ નજીકની વોર્ડ ઓફીસના 5R(RRRRR) સેન્ટર ઉપર આપી સ્વચ્છ ભારત મિશનમાં સહભાગી બનો. જુના ધાર્મિક ફોટાકે મૂર્તિઓ નદી કે ઝાડ નીચે ન મુકી નજીકની વોર્ડ ઓફીસમાં જમા કરાવવી જ્યાં ધાર્મિક આસ્થા સાથે તેનો યોગ્ય નિકાલ કરવામાં આવશે.

અનુસંધાન પાના ૭ પર

# કિશોરીઓ, મહિલાઓને પોષણયુક્ત કીટ્સનું વિતરણ

## ડો.વિશાલ મોદીનું તંદુરસ્ત ભારત તરફ એક પ્રેરણાદાયક પગલું

સુરત, તા.૧૪

દિવાળી વેકેશનના અવસરે ડૉ.વિશાલે પોતાની ઉમદા સુજબુઝ અને સમાજપ્રેમી દૃષ્ટિ સાથે કિશોરીઓ, ગર્ભવતી સ્ત્રીઓ તેમજ સ્તનપાન કરાવતી માતાઓને પોષણયુક્ત કીટ્સ વિતરણ કર્યું હતું. આ ઉપક્રમે ડૉ.વિશાલે દેશના આવનાર ભવિષ્યને હેલ્દી અને કુપોષણમુક્ત બનાવવા માટે એક નવો માપદંડ સ્થાપિત કર્યો છે. ભારત સરકાર અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કુપોષણ નિવારણ માટે અનેક યોજનાઓ શરૂ કરી છે. એ જ દિશામાં ડૉ. વિશાલનો આ માનવતાભર્યો ઉપક્રમ એક મહત્વપૂર્ણ સહયોગરૂપ સાબિત થયો છે. તેમણે પોતાના કાર્ય દ્વારા સાબિત કર્યું છે કે—“આજની કિશોરી તંદુરસ્ત હશે, તો આવતીકાલની માતા કુપોષણમુક્ત હશે, અને આવું ભવિષ્ય જ તંદુરસ્ત ભારતનું સાચું પ્રતિબિંબ છે.” ડૉ.વિશાલ મોદીની આ પહેલ માત્ર પોષણ કીટ્સના વિતરણ સુધી સીમિત નથી, પરંતુ તે સમાજમાં આરોગ્ય જાગૃતિ અને સ્વસ્થ જીવનશૈલી પ્રત્યેની જવાબદારીનો સંદેશ આપે છે. આવા ઉમદા પ્રયાસોથી “સ્વસ્થ ભારત—સમૃદ્ધ ભારત”ના સપનાને સાકાર કરવાની દિશામાં એક વધુ મજબૂત પગલું ભરાયું છે.

# સાયણમાંથી ૯૯ હજારના ગાંજા સાથે ત્રણ ઝડપાયા

## સુરત જિલ્લા એસ.ઓ. જી.પોલીસે કુલ રૂ.૨.૧૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

સુરત, તા.૧૪

સુરત જિલ્લા એસ.ઓ.જી.પોલીસે બાતમીના આધારે સાયણમાં રેઈડ કરી રૂ.૯૯,૭૦૦ ની કિંમતના કુલ રૂ.૯ ૯૭ કિ.ગ્રા.વજનના વનસ્પતિજન્ય ગાંજાના જથ્થા સાથે ઓરીસ્સાના ત્રણ આરોપીઓને દબોચી લીધા છે.આ ગુનામાં પોલીસે કુલ રૂ.૨,૧૫,૬૮૦ નો મુદ્દામાલ કબજે કરી બે આરોપી ઓને વોન્ટેડ જાહેર કર્યા છે. સુરત જિલ્લા એસ.ઓ.જી.પોલીસની ટીમ ગત રવિવાર,તા.૧૨ ના રોજ પેટ્રોલિંગ કરી રહી હતી,ત્યારે બાતમી મળી હતી કે,સાયણ બજાર માંથી સુગર તરફ જતાં કબ્રસ્તાન રોડ ઉપર આવેલ બરફ ફેકટરીની સામેના રોડ ઉપર ત્રણ ઈસમો પાસ- પરમીટ વિનાના વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજાનો જથ્થો લઈને ત્રણ ઈસમો મોપેડ ઉપર જઈ રહ્યા છે.જે બાતમીના પગલે રેઈડ કરતા પોલીસે બાતમી સ્થળેથી ૯.૯૭૦ કિ.ગ્રા. વજનના ગાંજાનો જથ્થો,જેની કિંમત રૂ.૯૯,૭૦૦ સાથે ઓરીસ્સા રાજયના ત્રણ શખ્સોને દબોચી લીધા હતા. પોલીસે આરોપીઓ પાસેથી ગાંજાનો જથ્થો ઉપરાંત અંગઝડતીથી મળેલ રોકડા રૂ.૯૮૦,મોબાઈલ ફોન નંગ-૦૩,જેની કિંમત રૂ.૩૫,૦૦૦ તથા એક્સેસ મોપેડ નંઃજીજે-૦૫,ટી.ઝેડ-૧૫૧૪,જેની કિંમત રૂ.૮૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૨,૧૫,૬૮૦નો મુદ્દામાલ કબજે લીધો હતો.પોલીસે ઝડપાયેલ આરોપી ઓની પૂછપરછ દરમ્યાન જાણવા મળ્યું હતું કે,આ ગાંજાનો જથ્થો તેઓના વતનનો રોહિત નામનો ઈસમ મોકલે છે અને તેઓ આ જથ્થો કીમ ખાતે રહેતા અકરમ શેખ ને આપવા જનાર હતાં. જેથી પોલીસે બંન્નેને વોન્ટેડ જાહેર કરી

અનુસંધાન પાના ૭ પર

# સુરતી મોઢ વણિક યુવક મંડળનો કફન વિતરણ કાર્યક્રમ યોજાયો

## રેલ્વે પોલીસને ૪૫૦૦ મીટર કાપડનો જથ્થો અર્પણ કરાયો

સુરત, તા.૧૪

અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિમાં સક્રિય એવું સુ મો વ અડાજણ રાંદેર રોડ યુવક મંડળ દ્વારા ચક્ષુદાન, દેહદાન, રક્તદાન જેવી અનેક માનવીય અભિગમ વાળી સેવાઓ સાથે કફન દાન ની સેવા પણ કરવામાં આવે છે. સુરત રેલ્વે સ્ટેશન ખાતે યોજેલ કફનદાન સેવા સદ. તુલસીદાસ મગનલાલ ગાંધી ના સ્મરણાર્થે યોજાતા તેમના સ્નેહીજન ભરતભાઈ ગાંધી (રામદેવ સ્ટીલ) એ હાજરી આપી હતી . આ સેવા માં યુવક મંડળના પ્રમુખ હરીશભાઈ પીપવાળા અને ત. પૂર્વ પ્રમુખ અજયભાઈ મોદી સાથે સર્વશ્રી મનોજ ગાંધી,વસંતભાઈ ગોળવાળા, વિપુલભાઈ ગાંધી, આશિષ મોદી, પરેશ ભાટિયા ,નીતિન ઘાએલ, વીકીન આસમાની, પંકજ માંજરાવાળા, જય વદન ઘીવાળા,મનોજ ગાંધી, ધર્મેશ મહેતા, વિજય માસ્તરે હાજરી આપી હતી. આ કાર્યક્રમના આયોજક વસંતભાઈ ગોળવાળાએ જણાવ્યું હતું કે આપણી આ સેવા રેલ્વે ટ્રેક પર અકસ્માતે કે આપઘાતના હેતુથી રેલવે ટ્રેક પર પડતું મુકનાર માનવ દેહ નો છિન્ન ભિન્ન થઈ જતા તેની ઉપર આ કફન નું કપડું ઓઢાડી મોતનો મલાજો જાળવવામાં ના હેતુથી દાન કરવામાં આવે છે.અત્યાર સુધીમાં ૪,૫૦૦ મીટર કાપડ દાન પેટે વપરાયા નું જણાવ્યું હતું. આ કપડનો જથ્થો પોલીસસ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ મેહુલભાઈ સોલંકી સાથે રિયાબેન અને પનીના બેને સ્વીકારી યુવક મંડળની આ નિયમિત સેવાને બિરદાવી હતી. આભાર વિધિ મંત્રી રવિ ગાંધીએ કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો

# સેન્ટ્રલ ઝોનના બિસ્માર માર્ગોનું તાકીદે રીપેરીંગ કરવાની માંગણી

## માજી કોર્પોરેટર અસદ કલ્યાણીએ જાહેર હિતમાં આવેદનપત્ર પાઠવ્યું



સુરત, તા.૧૪

સુરત શહેર ના કોટ વિસ્તાર ના મુખ્યમાર્ગો તથા મોહલ્લા શેરીઓના રસ્તા ઓ છેલ્લા ચાર મહિના ઓથી ખુબજ ખરાબ હાલતને લઈ સુરત ના લોકો પરેશાની તત્કાલ રોડ રસ્તાઓ રીપેર કરી લોકેને પરેશાની તકલીફ દૂર કરવા બાબતે માજી કોર્પોરેટર અસદ કલ્યાણી દ્વારા મેયરને આવેદન પત્ર પાઠવી જણાવ્યું હતું કે, સેન્ટ્રલ ઝોન ના શહેરના કોટ વિસ્તારમાં આવેલ બેગમપુરા, સલાબતપુરા, સગરામપુરા, મહિધરપુરા, ગોપીપુરા, નાનપુરા, ખાંડેરવપુરા, કદરસા નાલ સય્યદપુરા, નાણાંવત શાહપોર, હરિપુરા, ચોકબઝાર થી ભાગળ

અનુસંધાન પાના ૭ પર

# કુ. કૃપા રાવળે કુસ્તીમાં પ્રાપ્ત કરેલી સિદ્ધિ



સુરત, તા.૧૪

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની આંતર કોલેજ કુસ્તી સ્પર્ધા ગવર્નમેન્ટ સાયન્સ કોલેજ વરાછા આયોજીત યુનિવર્સિટી ખાતે યોજાય હતી, આ સ્પર્ધામાં નવયુગ કોમર્સ કોલેજના ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં કોલેજની ખેલાડી કું.કૃપા સંજયભાઈ રાવલએ ૫૦કિ.ગ્રા.ગ્રુપમાં પ્રથમ ક્રમે આવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો. તેમજ ઉત્કૃષ્ટ દેખાવ બદલ તેઓ ઓલ ઈન્ડિયા આંતર યુનિવર્સિટી, યુનિવર્સિટી ઓફ કોટા. મુકામે રમવા જશે.તે બદલ આ ખેલાડીને કોલેજના આચાર્યશ્રી ડો.વિનોદ એન. પટેલ, જીમખાના વિભાગના અધ્યક્ષ શ્રી. ડો.બ્રિજેશ પટેલ, શારીરિક શિક્ષણના પ્રા.સી.કે.અસારિયા તેમજ સમગ્ર કોલેજ પરિવારે આ ખેલાડીને અભિનંદન પાઠવ્યા

# ઠેર-ઠેર તપાસમાં શંકાસ્પદ ૭૮ કિલો માખણ પકડાયું

## ફુડ વિભાગે રૂા.૧૪ હજારથી વધુનું માખણ સીઝ કર્યું

સુરત, તા.૧૪

આરોગ્ય અધિકારીશ્રી અને ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ તા.૧૩/૧૦/૨૦૨૫ ના રોજ મળેલ માહિતીનાં અનુસંધાનમાં ઠેકાણું (૧) દુકાન નં-૧, ગજાનંદ પાર્ક સોસા., પુણાગામ, સુરત ખાતે આવેલ સંસ્થા "ખોડીયાર ડેરી ર બેકરી" તથા ઠેકાણું (૨) દુકાન નં-૧૩, ગજાનંદ પાર્ક સોસા., યોગીચોક, સુરત ખાતે આવેલ સંસ્થા "સૌરાષ્ટ્ર ડેરી ફાર્મ" ફૂડ ઈન્શપેકશન વિભાગનાં ફુડ સેફટી ઓફિસરો અને એસ ઓ જી, સુરતનાં સ્ટાફ સાથે સંયુક્તપણે સ્થળ તપાસ કરતા ઉપરોકત

અનુસંધાન પાના ૭ પર





# નવસારીમાં ખેડૂતોના હિતમાં વિરોધ પ્રદર્શન

સુરત, તા.૧૪

નવસારી જીલ્લા આમ આદમી પાર્ટી દ્વારા ગતરોજ તારીખ ૧૩ ઓક્ટોબર સોમવારના રોજ બોટાદ જિલ્લાના હડદડ ગામે ખેડૂતો પર થયેલા હુમલાના વિરોધમાં કાળો દિવસ તરીકે ઉજવણી કરવામાં આવી હતી. આમ આદમી પાર્ટી દ્વારા કોલેજ સર્કલ ચીખલી ખાતે રેલી કાઢી હતી, આ કાર્યક્રમ દરમ્યાન ખેડૂતોને ન્યાય મળે તેની માંગ સાથે નેતાઓ અને કાર્યકરોએ કાળા બેજ પહેરીને શાંતિપૂર્ણ વિરોધ નોંધાવ્યો હતો ખેડૂતોના હિત માટે સમગ્ર સમાજ એકત્ર થવાની અપીલ પણ કરવામાં આવી આમ આદમી પાર્ટી નવસારી જીલ્લા પ્રમુખ પંકજ પટેલની ઉપસ્થિતિ માં આ કાર્યકર્મ કરવામાં આવ્યો હતો.

# અતિવૃષ્ટિથી અસરગ્રસ્તો પરિવારોને ચેમ્બરની મદદ

## નવસારીના તલાવચોરા અને બામણવેલ ગામમાં કરાયેલી મદદ



સુરત, તા.૧૪

સુરત આ વર્ષે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં અતિવૃષ્ટિ થઈ હતી, જેમાં ખાસ કરીને નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના તલાવચોરા અને બામણવેલ ગામમાં ભારે વરસાદ અને તોફાની પવનના કારણે અનેક ઘરોને નુકસાન થયું હતું. ગત મહિને આવેલા લઘુ ચક્રવાતથી આ બંને ગામોમાં અનેક ઘરોનાં પતરાં ઉડી ગયાં હતાં, જેના કારણે અસરગ્રસ્તોને રહેવા માટે ગંભીર મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. આ સ્થિતિની ગંભીરતા પારખીને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા પોતાના રિલિફ ફંડ મારફતે ઉપરોક્ત બંને ગામોના અસરગ્રસ્ત પરિવારોને સિમેન્ટના ૬૦૦ પતરાં મોકલવામાં આવ્યા હતા. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આ મદદ જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી અસરગ્રસ્તોને પહોંચાડવામાં આવી છે, જેથી અસરગ્રસ્ત પરિવારોને સહાય મળી શકે અને તેઓને ફરીથી છત મળી રહે.ચેમ્બર ઓફ કોમર્સના પદાધિકારીઓ અને રિલીફ ફંડના ટ્રસ્ટીઓએ જણાવ્યું હતું કે, ચેમ્બર માત્ર વેપાર અને ઉદ્યોગના વિકાસ માટે જ નહી, પરંતુ સમાજના મુશ્કેલ સમયોમાં માનવતાના ધર્મને નિભાવવા હંમેશાં તત્પર રહે છે. અતિવૃષ્ટિથી પીડિત પરિવારોને તાત્કાલિક રાહત મળી રહે તે હેતુથી આ સહાય પહોંચાડવામાં આવી છે. અત્યાર સુધી ચેમ્બર દ્વારા અનેક કુદરતી આફતોના સમયમાં મદદરૂપ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. ભવિષ્યમાં પણ જ્યાં જરૂર પડશે ત્યાં ચેમ્બર માનવતાપૂર્ણ જવાબદારી નિભાવશે.

# ચેમ્બર દ્વારા જાન્યુઆરી-૨૦૨૬માં ફેશન શોનું આયોજન

## ફેશન શો અને કેટલોગ પબ્લિકેશન હાથ ધરાશે

સુરત, તા.૧૪

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ગ્લેમરસ મૉડલિંગ ઈન્ડસ્ટ્રી સાથે જોડાવવા ઈચ્છુક મૉડલ્સને આત્મનિર્ભર બનાવવા માટે અભિયાન હાથ ધરશે. સુરત શહેર અને દક્ષિણ ગુજરાતના મૉડલ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા અને આ ઈન્ડસ્ટ્રીમાં આવવા માટે થનગની રહેલા બાળકો-કિશોર-કિશોરીઓ તેમજ ઉત્સાહી યુવક/યુવતીઓ માટે આગામી જાન્યુઆરી મહિનામાં ફેશન શૉ અને કૅટલોગ પબ્લિકેશન હાથ ધરવામાં આવશે.આ ફેશન શૉ તેમજ કેટલોગ પબ્લિકેશનનો મુખ્ય હેતુ સ્થાનિક પ્રતિભાશાળી મૉડલ્સ પોતાનું કૌશલ્ય પ્રદર્શિત કરી લોકનજરમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કરે તે છે. આ ઈન્ડસ્ટ્રી સંઘર્ષમય છે અને ઘણાને યોગ્ય મંચ પ્રાપ્ત થતું નથી. ચેમ્બર ઓફ કોમર્સનો આ ઉપક્રમ તેઓને આગળ લાવી તેમને આત્મનિર્ભર થવા માટેની તક પૂરી પાડવાનો છે. ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ કહ્યું કે સુરતની લગભગ તમામ ઈન્ડસ્ટ્રીઓ જેવી કે ડાયમંડ, ટેક્ષ્ટાઈલ, રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં મૉડલ્સ માટે અનેક તકો રહેલી છે. લગભગ બધી જ ઈન્ડસ્ટ્રીના વિવિધ સંસ્થાનો પોતાની પ્રોડક્ટને પ્રખ્યાત કરવા માટે અખબારી જાહેરાતો, હૉર્ડિંગ્સ, સોશ્યલ મીડિયાનો ઉપયોગ કરે છે અને તેમાં અલગ અલગ બ્રાન્ડ માટે જે તે બ્રાન્ડને અનુરૂપ મૉડલ્સ લેતાં હોય છે. એવું જોવાયું છે કે મૉડલિંગ માટે સુરત બહારના જ

અનુસંધાન પાના ૭ પર

# યુનિ.ના બાયોટેકનોલોજી વિભાગમાં યોજાયેલી સ્પર્ધા



## યુનિવર્સિટી ખાતે વિકાસ સપ્તાહની કરાયેલી ઉજવણી

સુરત, તા.૧૪

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બાયોટેકનોલોજી વિભાગદ્વારા વિકાસ સપ્તાહ ૨૦૨૫નું સફળ આયોજન ૭ ઓક્ટોબર થી ૧૩ ઓક્ટોબર ૨૦૨૫દરમિયાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં જ્ઞાન, સર્જનાત્મકતા અને વૈજ્ઞાનિક જાગૃતિ વધારવાનો હતો.કાર્યક્રમ અંતર્ગત વિભાગ દ્વારા નીચે મુજબની સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. ક્વિઝ સ્પર્ધા — બાયોટેકનોલોજી, વિજ્ઞાન અને સામાન્ય જ્ઞાન ક્ષેત્રે વિદ્યાર્થીઓના જ્ઞાનનું મૂલ્યાંકન કરવા માટે.નિબંધ લેખન સ્પર્ધા — નવીનતા અને વિકાસ જેવા વિષયો પર વિદ્યાર્થીઓની વિશ્લેષણાત્મક વિચારશક્તિ અને સર્જનાત્મકતાને પ્રોત્સાહિત કરવા માટે. વોલ પેઈન્ટિંગ સ્પર્ધા — વિદ્યાર્થીઓને ચિત્રકલા દ્વારા વિકાસની તેમની કલ્પનાને રજૂ કરવાની તક આપવા માટે. નિબંધ લેખન સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. વિજેતાઓ નીચે મુજબ રહ્યાઃ ૧મો ક્રમઃસિરિગીરી શ્રાવરી( બી.એસસી. બાયોટેકનોલોજી સેમેસ્ટર—૩) ૨મો ક્રમઃરાઠોડ ધ્રુવી (બી.એસસી.માઈક્રોબાયોલોજી સેમેસ્ટર—૧) ૩જો ક્રમઃપટેલ ઝોબિયા (બી.એસસી.બાયોટેકનોલોજી સેમેસ્ટર—૩) વોલ પેઈન્ટિંગ સ્પર્ધામાં બે ટીમોએ ઉત્કૃષ્ટ કલાત્મક પ્રતિભા પ્રદર્શિત કરી અને વિકાસ તથા ટકાઉપણાના વિષયને પ્રતિબિંબિત કરતી પ્રેરણાદાયી ચિત્રકૃતિઓ રજૂ કરી. તમામ વિજેતાઓને તેમના ઉત્તમ પ્રદર્શન માટે

અનુસંધાન પાના ૭ પર

# સુરતમાં દાઉદી બોહરા સમાજ દ્વારા સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન સાહેબનો ૮૨મો જન્મદિવસ ઉજવાયો





## કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલ પણ સમાજના ઉત્સવમાં જોડાયા

**સુરતઃ** કેન્દ્રીય જલ શક્તિ મંત્રી અને સંસદ સભ્ય શ્રી સી. આર. પાટીલ વિશ્વભરના દાઉદી બોહરા સમાજના ધર્મગુરુ પરમ પાવન સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન સાહેબના ૮૨મા જન્મદિવસની ઉજવણીમાં દાઉદી બોહરા સમાજ સાથે જોડાયા હતા. માનનીય મંત્રીશ્રી ખાસ કરીને સૈયદના સાહેબને તેમના જન્મદિવસની પૂર્વસંધ્યાએ પોતાના અંગત અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવા આવ્યા હતા. તેમની સાથે સુરતના વરિષ્ઠ સરકારી અધિકારીઓ અને મહાનુભાવો પણ હતા.

ઉજવણીનું સ્થળ અને મહત્વ આ ઉજવણી ઝંપા બજારમાં થઈ હતી, જે બોહરા સમાજના ઈતિહાસમાં ઊંડા મૂળ ધરાવતો વિસ્તાર છે. અહીં સૈયદના સાહેબનું પૂર્વજોનું નિવાસસ્થાન દેવડી મુબારક આવેલું છે, તેની બાજુમાં જ ૨૦૦ વર્ષ જૂની અરબી એકેડેમી અલજામેઆ-તુસ-સૈફીયા આવેલી છે, જે શિક્ષણ પ્રત્યે સમાજની નિષ્ઠાનું પ્રતીક છે.

મંત્રીશ્રી સી. આર. પાટીલનું સંબોધન તેમના સંબોધનમાં, મંત્રી સી. આર. પાટીલે રાષ્ટ્રના સામૂહિક વિકાસમાં સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન સાહેબના યોગદાનની પ્રશંસા કરી હતી. તેમણે નોંધ્યું કે આ અવસરની ઉજવણી કરવા માટે સુરતમાં એકઠા થયેલા હજારો દાઉદી બોહરાઓના ચહેરા પર તેઓ પ્રેમ, સ્નેહ અને ઊંડી શ્રદ્ધા જોઈ શકતા હતા. તેમણે સૈયદના સાહેબ સુરતની મુલાકાત લેવાનું ચાલુ રાખે તેવી ઈચ્છા વ્યક્ત કરતા કહ્યું કે, "જ્યારે આપ પધારો છો, ત્યારે સુરત ખૂબસૂરત બની જાય છે."

સૈયદના સાહેબનું ધર્મ પ્રવચન તેમના જન્મદિવસના દિવસે, સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન સાહેબે સુરતની અલ-મસ્જિદ અલ-મોઅઝ્ઝમ ખાતે ધર્મ પ્રવચન આપ્યું હતું. શ્રોતાઓને સંબોધતા, સૈયદના સાહેબે જ્ઞાનની શોધમાં સુરત આવેલા હજારો સમાજના સભ્યોની નોંધ લીધી હતી. તેમણે ટિપ્પણી કરી કે દરેક વ્યક્તિ આજીવન શીખનાર છે અને જીવનના કોઈપણ તબક્કે શિક્ષણ મેળવવામાં ક્યારેય ખચકાટ કે શરમ ન અનુભવવી જોઈએ.

તેમના પ્રવચનમાં, પરમ પાવન સૈયદના સાહેબે સમાજને આત્મવિશ્વાસ અને સંતોષનું જીવન જીવવા માટે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જરૂરિયાતમંદોને હંમેશા મદદ કરવા અને સમાજના તમામ સભ્યો સાથે સૌહાર્દપૂર્ણ રીતે રહેવાની પણ સલાહ આપી હતી.

ભારત અને વિદેશમાંથી ૭૦,૦૦૦ થી વધુ સમાજના સભ્યો ઈસ્તેફાદા ઈલ્મિયાહમાં ભાગ લેવા માટે સુરત આવ્યા છે, જે દાઉદી બોહરાઓનો વાર્ષિક શૈક્ષણિક સેમિનાર છે અને જેનો સમાપન સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન સાહેબના જન્મદિવસની ઉજવણી સાથે થાય છે. પરમ પાવન સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન સાહેબ ૪૦ થી વધુ દેશોમાં ફેલાયેલા દસ લાખથી વધુ દાઉદી બોહરાઓનું નેતૃત્વ કરે છે. તેમની પહેલો સૌહાર્દ, ટકાઉ વિકાસ અને માનવતાની સેવાને પ્રોત્સાહન આપે છે. શૈક્ષણિક પ્રગતિ અને ભૂખમરા નિવારણથી લઈને જળ સંરક્ષણ અને પર્યાવરણીય પુનર્સ્થાપન સુધી, તેમના નેતૃત્વએ સમાજને વ્યાપક ભલાઈ માટે શ્રદ્ધાને કાર્ય સાથે જોડવા માટે પ્રેરિત કર્યો છે.



## અદાણી ફાઉન્ડેશનનું હરિત-ક્રાંતિ તરફ સશક્ત પગલું

# પર્યાવરણ, જૈવવિવિધતા અને ટકાઉ ભવિષ્ય માટેનું પ્રેરણાદાયક વૃક્ષારોપણ અભિયાન

### અદાણી ફાઉન્ડેશન — પર્યાવરણપ્રેમી, પ્રગતિશીલ અને પ્રતિબદ્ધ સમાજના નિર્માણ માટે સમર્પિત

સુરતઃ અદાણી ફાઉન્ડેશન દ્વારા હજીરા અને ઉમરપાડા વિસ્તારમાં ક્લાઈમેટ એક્શન ઈનિશિયેટિવ અંતર્ગત પર્યાવરણ સંરક્ષણ અને જૈવવિવિધતા (Biodiversity) વધારવાના હેતુસર વિશાળ પ્રમાણમાં વૃક્ષારોપણ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન ફાઉન્ડેશનની "સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ એન્ડ ગ્રીન ગ્રોથ" માટેની અડગ પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે. હજારો વૃક્ષ માત્ર રોપીને નહીં પરંતુ એના ઉછેર માટેની સંપૂર્ણ વ્યવસ્થા અને દેખરેખની જવાબદારી સાથે વન ઊભું કરવાની જવાબદારી સાથે અદાણી ફાઉન્ડેશનએ આ પહેલની શરૂઆત કરી છે. હજીરા વિસ્તારના રાજગરી ગામ ખાતે કુલ ૫,૦૦૦ વૃક્ષારોપણ મિયાવાકી પદ્ધતિ હેઠળ કરવામાં આવ્યું છે, જે એક વૈજ્ઞાનિક અને આધુનિક તકનીક છે. આ પદ્ધતિ અંતર્ગત વૃક્ષો નાની જગ્યામાં ઘનત્વપૂર્વક રોપવામાં આવે છે જેથી માત્ર ત્રણથી ચાર વર્ષમાં નાનું જંગલ તૈયાર થઈ જાય. અહીં સુરક્ષિત ફેન્સિંગ અને ડ્રિપ સિંચાઈની અદ્યતન વ્યવસ્થા દ્વારા દરેક છોડનું સંવર્ધન સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. જેથી જેટલા વૃક્ષો રોપ્યા છે એનું વ્યવસ્થિત ઉછેર થાય. આ પ્રયોગથી હજીરા વિસ્તારનું માઈક્રોક્લાઈમેટ ધરશે અને સ્થાનિક પર્યાવરણને નવી ઉર્જા મળશે. ઉમરપાડા તાલુકાના આશ્રમશાળાઓમાં પણ આ હરિત પહેલ સફળતાપૂર્વક અમલમાં આવી છે. તાલુકાની બિલવણ આશ્રમશાળા ખાતે ૩,૧૮૫ અને ઉમરદા આશ્રમશાળા ખાતે ૨,૦૩૦ વૃક્ષારોપણ કરવામાં આવ્યા છે. બંને સ્થળોએ ડ્રિપ સિંચાઈની સુવિધા સાથે છોડોની વૃદ્ધિ અને સંવર્ધન માટે સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. આ અભિયાન માત્ર પર્યાવરણ સુધારણા પૂરતું નથી, પરંતુ વિદ્યાર્થીઓમાં પ્રકૃતિ પ્રત્યેની સંવેદના અને હરિત જીવનશૈલીની ભાવના જગાડે છે. આ વૃક્ષારોપણ અભિયાન અદાણી ફાઉન્ડેશનની હરિત દ્રષ્ટિનું જીવંત ઉદાહરણ છે, જેનું ધ્યેય છે "પ્રકૃતિ સાથેનું સમન્વય, પ્રગતિ સાથેની જવાબદારી". અદાણી ફાઉન્ડેશન સતત એવી પહેલ હાથ ધરે છે, જે સ્થાનિક સમાજને ટકાઉ વિકાસ, પર્યાવરણ સંરક્ષણ અને સમૃદ્ધ ભવિષ્ય તરફ દોરી જાય.

# ચેક રિટર્ન કેસમાં ટ્રાયલ કોર્ટના સજાના હુકમને એપેલટ કોર્ટે રદ કર્યો

### આરોપી હિતેશ ખુંટને એક વર્ષની સજા થઈ હતી

**(પ્રતાપ પ્રતિનિધિ) સુરત.તા.૧૪**

રૂ.૪.૯૬ લાખના ચેક રિટર્ન કેસમાં ટ્રાયલ કોર્ટે કરેલા સજાના હુકમને આરોપીએ એપેલેટ કોર્ટમાં પડકારાર્યો હતો. બંને પક્ષની દલીલો અને રેકર્ડ પરના પુરાવાના અંતે એપેલટ કોર્ટે ટ્રાયલ કોર્ટનો હુકમ રદ કરી દીધો હતો.

આ કેસની વિગત એવી છે કે, કતારગામ માધવકુંજ સોસાયટીમાં રહેતા દેવચંદ પ્રેમજી ગોરસીયા પાસેથી વરાછા રોડ હીરાબાગ સ્થિત સંતલાલ સોસા.માં રહેતા હિતેશ ગોર્ધન ખુંટે ધંધાર્થે રૂ.૪.૯૬ લાખ લીધા હતા. જેની ચુકવણી પેટે હિતેશ ખુંટે દેવચંદ ગોરસીયાને રૂ.૪.૯૬ લાખનો ચેક આપ્યો હતો. જે ચેક રિટર્ન થતા હિતેશ ખુંટ સામે ચેક રિટર્નની કોર્ટમાં ફરિયાદ થઈ હતી. કોર્ટે આરોપી હિતેશ ખુંટને ૧ વર્ષની સજા અને ચેકની રકમ વળતર સાથે ચૂકવવા આદેશ કર્યો હતો. ટ્રાયલ કોર્ટના ચુકાદાથી નારાજ થઈ હિતેશ ખુંટે વકીલ ચંદ્રેશ પીપલીયા અને વકીલ પાર્થ લખાણી મારફતે સેશન્સ કોર્ટમાં અપીલ કરી હતી. કોર્ટે બંને પક્ષની દલીલો અને રેકર્ડના પુરાવા ધ્યાને લઈ અપીલ મંજૂર કરી હતી.



# અદ્વિતીય શૂટનું આયોજન ડીએજીસી દ્વારા

ઋદ્ધિ ભટ્ટાચાર્ય, કોલકાતાઃ બંગાળીઓ વિશે કહેવત છે કે તેમની પાસે "બાર મહિને તેર તહેવાર" હોય છે. તાજેતરમાં પર્વોની શ્રેણીથી દુર્ગાપૂજા પૂર્ણ થઈ છે અને હવે કાલિપૂજા, દીપાવલી, જગદ્ધાત્રી પૂજા અને કાર્તિક પૂજા આવી રહી છે. આ પ્રસંગને ધ્યાને રાખીને ડીએજીસી પ્રોડક્શન હાઉસની કર્ણધાર અંકિતા રાયે એક અનોખા શૂટનું આયોજન કર્યું.

આ પ્રયત્ન મૉડેલિંગ જગતમાં તેમના પ્રથમ કાર્ય તરીકે ખૂબ પ્રશંસા પામ્યું છે. અંકિતા રાય લાંબા સમયથી મોટી અને નાની સ્ક્રીન માટે કાસ્ટિંગ ડિરેક્ટર અને સ્ક્રિપ્ટ રાઈટર તરીકે ઓળખાય છે. તેમની મુખ્ય ઉદ્દેશ નવીન મોડેલ્સ અને મેકઅપ આર્ટિસ્ટ્સને તેમનું ટેલેન્ટ દશ્યમાન બનાવવાનું છે.

આ શૂટમાં ખાસ મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા પર્ણા બલ, અનામિકા દત્ત અને સોનાલી મજુમદાર. સન્માન્યનીય મહેમાનોમાં હતા કૃષ્ણ રાય, જેમણે આવી પહેલ માટે શુભેચ્છા આપી અને નવી પેઢીના ફોટોગ્રાફર અને મોડેલ્સના કાર્યથી પ્રશંસિત થયા. તેમણે કહ્યું કે ભવિષ્યમાં ફોટોગ્રાફી માત્ર કેમેરાથી નહીં પણ મોબાઈલથી પણ ઉત્તમ રીતે કરી શકાય છે.

અભિનેતા તન્મય બિંદુ અને ચિત્રકાર સુપ્તિ બિંદુ પણ ઉપસ્થિત રહ્યા. સ્પંદનના કર્ણધાર આત્મજ્યોતિ મિત્રાએ પણ મોડેલ્સમાં એક જુદી જ ઊર્જા ઉમેરી.

જગતજન્ની જગદ્ધાત્રીના રૂપમાં પાંસઠમ ધોરણમાં ભણતી છોકરી સૌંદર્ય પાટીએ ભૂમિકા ભજવી. કોઈ કાર્તિક તો કોઈ કૃષ્ણ રૂપમાં દેખાયા, તો કોઈ બ્રાઈડલ, દુર્ગા, લક્ષ્મી અને રિસેપ્શન લુકમાં રજૂ થયા.

શૂટમાં ભાગ લેનાર મોડેલ્સમાં હતાઃ ટુંપા આગસ્તી, કાજલ સિંહ, અનુશૂયા અધિકારી, સબુઝ રાય, બિટ્ટુ રાય, ભૂબનકુમાર આગસ્તી, પ્રલય સાના, શ્રેયાન્વી મિત્રારાય, પિયાલી રાય, ગોલ્ડી દાસ, દેવરાજ ભટ્ટાચાર્ય, સોનાલી દે ચૌધરી, અરૂંધિતાકર્મકાર, નિર્વેદ રાય, જયાઘટક, તૃહાન ચેટર્જી, તાનિશા ચેટર્જી, તૃપ્તિ ભટ્ટાચાર્ય, કિરણ સાધુખાન, પ્રિયંકા ભટ્ટાચાર્ય અને બસિરહાટની રહેવાસી સુસ્મિતા રાય.

સુસ્મિતા રાય મોડેલિંગ જગતમાં નવી હોવા છતાં આવાં અનોખા શૂટમાં ભાગ લેવાનું વધુ પસંદ કરે છે અને આવો મંચ મળવાથી તે ખૂબ આનંદિત છે.

મોડેલ્સને સુંદર રીતે તૈયાર કરનારા મેકઅપ આર્ટિસ્ટ્સ હતાઃ જ્યોત્સ્ના મિત્રારાય, દિપાલી હોર, શ્રાવંતી બેરા, ઈન્દ્રાણી સાહા અને શુભંકર તરફદાર. મોડેલ્સ માટે પોતપોતાના ડિઝાઈન કરેલા કપડા રજૂ કર્યા મહાનંદા માઝી અને પ્રિન્સ વિશ્વાસે.

ભલે પર્વ પૂરા થઈ ગયા હોય, પણ ડીએજીસી પ્રોડક્શન હાઉસની આ અનોખી પહેલ નવોદિત મોડેલ્સ અને મેકઅપ આર્ટિસ્ટ્સને મંચ આપીને એક નવા તહેવાર જેવી અનુભૂતિ આપી ગઈ.

### વિમાદારનો ક્લેઈમ નકારનાર

# વિમા કંપનીને વળતર સાથે રકમ ચૂકવવા ગ્રાહક કોર્ટનો આદેશ

### પુરાવા વગર ઈન્વેસ્ટિગેટરનું નિવેદન માની શકાય નહીં : ગ્રાહક કોર્ટ

**(પ્રતાપ પ્રતિનિધિ) સુરત.તા.૧૪**

ગ્રાહક કોર્ટ :– " સારવાર કરનાર ડોકટરે જણાવ્યુ હોય કે સારવારનું બીલ પેન્ડીગ નથી, છતા પુરાવા વગર ઈન્વેસ્ટીગેટરનું નિવેદન માની શકાય નહી ".

સુરતનાં રહીશ દક્ષેશકુમાર નવનીતભાઈ પટેલનાઓએ, Aditya Birla Health Insurance Company Limited ની પોલીસી લીધેલી, પોલીસી અંતર્ગત વિમાદારને આંતરડામાં સોજો આવતા સારવાર કરાવેલ. તેનો કલેઈમ વિમા કંપનીમાં રજુ કરેલ, કલેઈમ રજુ કરતા વીમા કંપનીએ હોસ્પિટલ બીલ ચુકવેલ નથી, તેવુ જણાવીને વિમાદારનો કલેઈમ નામંજુર કરેલ, તેથી ગ્રાહકે સુરતના જાણીતા એડવોકેટ નરેશ નાવડીયા, તથા જીગ્નેશ હરીયાણી દ્રારા સુરતના ગ્રાહક કમિશનમાં ફરીયાદ દાખલ કરી હતી.

જે ફરીયાદ ચાલી જતાં ફરીયાદીના એડવોકેટ નરેશ નાવડીયા, જીગ્નેશ હરીયાણી દ્રારા એવી દલીલો કરવામાં આવેલ કે, બીલ ચુકવેલ છે, તે સબંધી પુરાવા છે, તથા ટ્રીટીંગ ડોકટરે સરિટફીકેટ પણ આપેલ છે, તેથી ફરીયાદ ખર્ચ સહીત મંજુર કરવા સબંધી દલીલો એડવોકેટ નરેશ નાવડીયા, તથા જીગ્નેશ હરીયાણી ધ્વારા કરવામાં આવી હતી. ફરીયાદીને કલેઈમ રકમ રૂા.૬૧,૧૯૪/–, ફરીયાદની તારીખથી ૯% વ્યાજ સહીત ચુકવવાનું વળતર વીમા કંપનીએ ફરીયાદીને ચુકવી આપવા, તથા માનસીક ત્રાસના રૂા.૫,૦૦૦/– અને અરજી ખર્ચના ચુકવવા ગ્રાહક કમિશને આદેશ કર્યો હતો.

# વરાછામાં પરિણીત મહિલા પર બળાત્કાર

### આરોપીએ અંગતપળોના ફોટા વાયરલ કરવાની ધમકી આપી

**(પ્રતાપ પ્રતિનિધિ) સુરત.તા.૧૪**

વરાછા વિસ્તારમાં રહેતા ૨૮ વર્ષિય રત્નકલાકારે એક પરિણીતાને તારા પતિને છુટા છેડા આપી દે હું તારા સંતાનોને પણ સાચવી લઈશ અને લગ્ન કરી લઈશ તેવી વાતોમાં ભોળવી અવાર-નવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. અંગત પળોના ફોટા પાડી લઈ તેને આધારે બ્લેકમેઈલીંગ કરી બદનામ કરવાની ધમકી આપવામાં આવતી હતી. બીજી તરફ લગ્નની લાલચ આપનાર યુવાને સગાઈ કરી લીધી હોવાની જાણ પરિણીતાને થતા તેણે આ મામલે ગઈકાલે રાત્રે વરાછા પોલીસ સ્ટેશનમાં બળાત્કારની ફરીયાદ નોંધાવી હતી.

વરાછા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર પુણાગામ સીતારામ સોસાયટી ખાતે રહેતા અને મુળ અમરેલી જિલ્લાના વતની પરેશ નાથાભાઈ ઝીંઝાળા ઉ.વ.૨૮ રત્નકલાકાર છે. તેણે સને ૨૦૨૨ના ઓક્ટોબર મહિનામાં એક પરિણીત મહિલાને પ્રેમ જાળમાં ફસાવી લગ્નની લાલચ આપી હતી. પરિણીતાના બાળકો અને અપનાવી લેવાની તેમજ તુ તારા પતિને છુટા છેડા આપી દે તેવી વાતો કરવામાં આવી હતી. લગ્નની લાલચ આપીને પરિણીતા સાથે શારીરિક સંબંધો બાંધવામાં આવ્યા હતા. ત્યારબાદ યુવાને સગાઈ કરી લીધી હતી અને પરિણીતાને તુ તારા રસ્તે અને હું મારા રસ્તે તેમ કહી જો કોઈપણ પ્રકારની ફરીયાદ કરશે તો તારા ફોટા વાયરલ કરવાની ધમકી આપવામાં આવી હતી. આ મામલે ગઈકાલે ભોગબનનારે વરાછા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# વરાછાની યુવતીના ન્યુડ ફોટા વાયરલ કરવાની દાહોદના યુવાનની ધમકી

### યુવતીએ આરોપી પંકજ તડવી સામે ફરિયાદ નોંધાવી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૧૪**

વરાછા વિસ્તારમાં રહેતી યુવતીને પોતે બીએસસીનો અભ્યાસ કર્યો હોવા ઉપરાંત બીએચએમએસનો પણ અભ્યાસ કરતો હોવાની ડંફાસો મારી દાહોદના એક યુવાને સંપર્ક કેળવીને પ્રેમ સંબંધ રાખવા દબાણ કરવામાં આવ્યું હતું. તેમજ યુવતી સાથેના ફોટા વાયરલ કરવાની ધમકી આપવામાં આવી હોય આ મામલે વરાછા પોલીસ સ્ટેશનમાં ગઈકાલે ફરીયાદ કરાઈ હતી.

પ્રાપ્ત વિગત અનુસાર મુળ દાહોદના સંજેલી તાલુકાના કાળીયાડોક ગામનો વતની પંકજ ઉર્ફે પ્રિન્સ કાનજીભાઈ તડવીએ ગત જુલાઈ મહિનામાં વરાછા વિસ્તારની એક યુવતીનો સોશિયલ મિડીયા મારફતે સંપર્ક કર્યો હતો. મિત્રતા કેળવ્યા બાદ પંકજ તડવીએ તે બીએસસીનો અભ્યાસ કરી બીએચએમએસનો અભ્યાસ કરતો હોવાની વાતો કરી હતી. યુવતીનો ભરોસો જીતી લઈ તેની સાથે મુલાકાત કરી તેની સાથે ફોટાઓ પાડી લીધી હતા. દરમિયાન યુવતીને જાણ થઈ હતી કે પંકજ તડવીએ કોઈ અભ્યાસ કર્યો નથી અને તેના અગાઉ લગ્ન થયા હતા અને છુટાછેડા પણ થઈ ગયા હતા તેમ છતાં યુવતીને લગ્નની લાલચ આપી અંગત બાબતો છુપાવી હતી. યુવતીએ મિત્રતા રાખવાની ના કહેતા પંકજ તડવીએ ન્યુડ ફોટા વાયરલ કરવાની ધમકી આપી હતી. સોશિયલ મિડીયા ઉપર યુવતીને પંકજ હેરાન પરેશાન કરતો હોય અંતે આ મામલે ગઈકાલે વરાછા પોલીસ સ્ટેશનમાં છેડતીનો ગુનો નોંધાવાયો હતો.

# દિવાળીની ખરીદીમાં ચૌટા બજારની ભીડનો લાભ ઉઠાવવા તસ્કરો સક્રિય

### મોટા મંદિર નજીક મહિલાની થેલીમાંથી ૨૮ હજારની મતા ચોરાઈ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા. ૧૪**

દિવાળીનો તહેવાર ચાલી રહ્યો છે ત્યારે ચૌટાબજાર વિસ્તારમાં મહિલાઓની ભારે ભીડ થતી હોય છે. કપડા સહિતની ચીજવસ્તુઓ ખરીદવા માટે ચૌટાબજારમાં સવારથી રાત્રિ સુધી મોટી સંખ્યામાં મહિલાઓ ખરીદી માટે જતી હોય છે. ત્યારે ગઈકાલે સાંજે ચૌટા બજાર મોટા મંદીર નજીક શેરડીનો રસ પીવા ઉભા રહેલા એક ૪૬ વર્ષિય મહિલાની નજર ચુકવી તેની થેલીમાંથી રોકડા રૂ.૮ હજાર તેમજ બે તોલાની સોનાની ચેઈન મળી કુલ રૂ.૨૮ હજારની મત્તા ચોરી કરી તસ્કર ફરાર થઈ ગયો હતો. આ મામલે મહિલા દ્વારા અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી હતી.

અઠવાલાઈન્સ પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર ખજોદ નવો મહોલ્લો મહાદેવ મંદીર પાસે રહેતા રમીલાબેન ભરતભાઈ પટેલ ઉ.વ.૪૬ તેમના ભાભી સાથે ચૌટાબજારમાં ખરીદી કરવા માટે ગયા હતા. દરમિયાન તેઓ મોટા મંદીર પાસે શેરડીનો રસ પીતા હતા તે સમયે રમીલાબેનની થેલીમાંથી એક તસ્કર રોકડા રૂપીયા અને સોનાની ચેઈન મળી ૨૮ હજારની મત્તા ચોરી કરી ગયા હતા. ઉલ્લેખનીય છે કે, ચૌટાબજારમાં દિવાળીના તહેવારની ખરીદી જામી છે ત્યારે તસ્કરો પણ સક્રીય થઈ ગયા છે. પોલીસ દ્વારા પણ પોતાની કિંમતી ચીજવસ્તુઓને યોગ્ય રીતે સાચવવા જાહેર જનતાને તહેવારો પર અપીલ કરાતી હોય છે.

તંત્રી લેખ...-

મંગળવાર, તા. ૧૪ ઓક્ટોબર ૨૦૨૫

# મુક્ત વેપાર કરારનો વ્યાપ વધારવાથી ભારતને ફાયદો

આજે વિશ્વમાં અમેરિકાએ તેના ટેરિફનાં પગલાંથી મુક્ત વેપારનાં આર્થિક સમીકરણોને ડામાડોળ કરી નાખ્યાં છે, ત્યારે ભારતે નવા મુક્ત વેપાર કરાર (એફટીએ) દ્વારા દુનિયાના દેશોની સાથે આર્થિક સહકાર વધારવાની યોજનાને વેગ આપ્યો છે. આમે પણ દુનિયાના દેશોમાં ભારતનાં અર્થતંત્ર અંગે ભારે વિશ્વાસ અને આકર્ષણ છે તેવા સમયે આવા નવા કરાર વેપારી સંબંધોને મજબૂત કરવામાં ચાવીરૂપ બની રહેશે. પેહેલી ઓક્ટોબરે ભારત ચાર યુરોપિયન દેશ નોર્વે, સ્વિત્ઝર્લેન્ડ, આઈસલેન્ડ અને લિસ્ટેંસ્ટિનના બનેલા યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસીએશન (એફ્ટા) સાથે એફટીએનો અમલ થઈ ગયો છે. આ કરાર પર ગયા વર્ષે સહી થઈ હતી. એફટીએ એવો કરાર છે જેનો અમલ કરનારા દેશો પરસ્પરના વેપારમાં અમુક વસ્તુઓ પર કસ્ટમ ડયૂટી ઘટાડે છે અથવા તે સાવ દૂર કરે છે. એફ્ટા સાથે જે કરાર અમલમાં આવ્યો છે તેવા એફટીએ ભારતે અન્ય દેશો સાથે કરી લીધા છે. અત્યાર સુધી આવા ૧૪ કરાર ભારતે કરેલા છે. હાલની એનડીએ સરકારે અવા પાંચ કરાર પર સહી કરી છે. આ અગાઉ ભારતે બ્રિટન, ઓસ્ટ્રેલિયા, મોરેશિયસ, સંયુક્ત આરબ અમિરાત સાથે પણ આવા એફટીએ અમલી કર્યા છે. યુરોપમાં એફ્ટા સમૂહ મહત્ત્વનું આર્થિક જૂથ છે. તેની સાથે એફટીએ અમલી થવાથી ભારતને વિદેશ વેપારમાં નવી તકો મળી શકશે. આ કરાર હેઠળ ભારતે એફ્ટા દેશોની સાથે ૮૦થી ૮૫ ટકા વસ્તુઓ પર ડયૂટી શૂન્ય કરી છે. તેના બદલમાં ભારતને આ દેશોમાંથી થતી આયાતની ૯૯ ટકા વસ્તુઓ પરની આયાત ડયૂટીમુક્ત થઈ ગઈ છે. જો કે, કૃષિ, ડેરી, સોયા અને કોલસાના ક્ષેત્રોને આ કરારથી બાકાત રખાયા છે. સાથોસાથ ઉત્પાદન આધારિત પ્રોત્સાહન યોજનાનો પણ તેમાં સમાવેશ કરાયો નથી. આમ ભારતે પોતાના ચાવીરૂપ ક્ષેત્રો અને એકમોનાં હિતો પર પણ ધ્યાન આપ્યું છે. ઉલ્લેખનીય છે કે, એફ્ટા દેશ ભારતમાં પવન અને હરિત ઊર્જા, ફૂડ પ્રોસેસિંગ રસાયણ સહિતનાં ક્ષેત્રમાં રોકાણ કરશે. આ સમૂહ સાથે એફએટીએનો સૌથી મોટો ફાયદો ભારતમાં તેમનાં રોકાણનો બની રહેશે. મળતી માહિતી મુજબ આ કરાર હેઠળ એફ્ટા દેશો ભારતમાં આગામી ૧૫ વર્ષ દરમ્યાન ૧૦૦ અબજ ડોલરનું રોકાણ કરશે. આનાથી દેશમાં દસ લાખ નોકરીની તક વધે એવો અંદાજ બંધાઈ રહ્યો છે. ખાસ તો આ દેશો સાથે ભારતના હાલના વેપારનું કદ સારું એવું છે. ગયાં વર્ષે ભારતે એફ્ટા દેશોની પાસેથી ૨૨.૪૪ અબજ ડોલરની આયાત અને ૧.૯૭ અબજ ડોલરની નિકાસ કરી હતી. આ કરારથી ભારતની આયાતો વેરામુક્ત થઈ જશે અને ભારતીય અર્થતંત્રને ફાયદો થશે. ભારતની નિકાસને પણ આ કરારથી હવે વેગ મળી શકે છે. આગામી દિવસોમાં ભારતે યુરોપિયન યુનિયનની સાથે પણ આવો કરાર અમલી બને એવી પૂરી શક્યતા છે. અમેરિકાએ ૫૦ ટકા ટેરિફ લાદ્યો તેનાં પગલે ઊભા થયેલા પડકાર સામે ઝૂક્યા વગર ભારતે પોતાનાં અર્થતંત્રને મજબૂત કરવા પર અન્ય વિકલ્પો પર ધ્યાન આપવું શરૂ કર્યું છે. ભારતે રશિયા અને ચીનની સાથે વેપાર વધારવાની સાથોસાથ અન્ય દેશોની સાથે આર્થિક સહયોગ વધરવાનાં પગલાં લીધાં છે. આવા પગલાંની તત્કાળ અસર પણ નોંધાઈ છે. આ સંદર્ભમાં અમેરિકાને બાદ કરતાં અન્ય દેશોની સાથે ભારતની નિકાસમાં ઓગસ્ટ અને સ્પટેમ્બર મહિનામાં વધારો થયો છે. અમેરિકાને પણ પોતાની ભૂલ સમજાવા લાગી હોય તેમ તેણે પણ ભારતની સાથે એફટીએ કરાર કરવાના સંકેત આપ્યા છે. ભારતની આ પહેલ વિશ્વમાં મુક્ત વેપારની નવી લહેર માટે પથદર્શક બની શકશે.

# સંવેદનહીન મમતા

એક તરફ દેશમાં મહિલા સલામતીનો મામલો દિવસો દિવસ ચિંતાજનક સ્વરૂપ લઈ રહ્યો છે તેમ તેમ રાજકીય નેતાઓની આ મુદ્દે ઘટતી જતી સંવેદનશીલતા આ ચિંતાને જોખમી સ્વરૂપ આપી રહી છે. પશ્ચિમ બંગાળના દુર્ગાપુરમાં મેડિકલ કોલેજની એક વિદ્યાર્થિનીની સાથે સામૂહિક દુષ્કર્મની ઘટનાના હચમચાવી મૂકે તેવા બનાવમાં રાજ્યના મુખ્યમંત્રીએ આપેલી પ્રતિક્રિયામાં ઊલટું પીડિતાને દોષી ઠેરવતી વાત કરીને દેશભરમાં ભારે ટીકા થઈ રહી છે. મમતા બેનર્જીએ જે રીતે આ વિદ્યાર્થિની રાતના સાડા બાર વાગ્યે મેડિકલ કોલેજના પરિસરમાં શા માટે ગઈ એવો સવાલ કરીને પોતાની સવેદનહીનતા છતી કરી છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ પોતાના રાજ્યનો બચાવ કરતા હોય તે રીતે એમ પણ કહ્યંુ કે, છોકરીઓએ રાત્રે બહાર નીકળવું જોઈએ જ નહીં. સ્પષ્ટ છે કે, તેમનાં આવાં નિવેદનથી ગુનેગારોની હિંમત વધે છે. ખરેખર તો મમતાએ પીડિતા અને તેના પરિવારની પડખે રહીને તેમની વેદના હળવી કરવાના પ્રયાસ કરવા જોઈએ, પણ તેઓ તેમને જ દોષી ઠેરવી રહ્યા હોય એવો તાલ સર્જાયો છે. આમે પણ મમતા તેમના રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સામે સવાલ ઊભા કરે એવા પ્રસંગોએ પ્રમાણભાન વિસરી જતા રહ્યા છે. આવા કોઈ પણ પ્રસંગે તેઓ બેજવાબદારીભર્યાં નિવદેનો કરીને પોતાની સરકારનો યેનકેન પ્રકારે

બચાવ કરવા મચી પડે છે. થોડા સમય અગાઉ કોલકાતાના પાર્ક સ્ટ્રીટ વિસ્તારમાં બનેલા દુષ્કર્મના બનાવે ભારે ચકચાર જગાવી હતી, ત્યારે પણ મમતાએ બનાવને પાયા વગરનો ગણાવીને તેને રાજ્ય સરકારને બદનામ કરવાના ઈરાદા સાથે સરખાવીને બચાવ કરવાના પ્રયાસ કર્યા હતા. સૌ કોઈ જાણે છે કે, ગયા વર્ષે કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજના એક તબીબ સાથે દુષ્કર્મ બાદ તેમની હત્યા નીપજાવવાના ચકચારી કિસ્સામાં રાજ્યના પોલીસ અને વહીવટ તંત્રે આરંભમાં તો બનાવનો ઢાંકપિછોડો કરવાના પ્રયાસ કર્યા હતા, પણ તેનાથી દેશભરમાં ભારે રોષ જાગતાં રાજ્ય સરકારે બનાવની તપાસ સીબીઆઈને સોંપી હતી. આમ તો બંગાળમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સતત બદતર રહી છે. રાજકીય હિંસા માટે પંકાયેલા આ સંવેદનશીલ રાજ્યમાં સત્તાધારી તૃણમૂલ કોંગ્રેસના કાર્યકરો જે રીતે બેલગામ બન્યા છે તેનાથી દેશભરમાં સ્વાભાવિક રીતે ચિંતા વધી રહી છે, પરંતુ મહિલા સલામતી જેવા નાજૂક મામલે જે રીતે રાજ્ય સરકાર નરમ વલણ લઈને આંખ આડા કાન કરી રહી છે તેને કોઈ પણ રીતે વાજબી ઠેરવી શકાય તેમ નથી. ઉહાપોહ થયા બાદ મમતાએ તેમનાં નિવેદનને ફેરવી તોળ્યું છે, પણ જરૂરત તેમની માનસિકતાને બદલવાની છે.

**બચાવ કરવા મચી પડે છે. થોડા સમય અગાઉ કોલકાતાના પાર્ક સ્ટ્રીટ વિસ્તારમાં બનેલા દુષ્કર્મના બનાવે ભારે ચકચાર જગાવી હતી, ત્યારે પણ મમતાએ બનાવને પાયા વગરનો ગણાવીને તેને રાજ્ય સરકારને બદનામ કરવાના ઈરાદા સાથે સરખાવીને બચાવ કરવાના પ્રયાસ કર્યા હતા.**

**ઈઝરાયલ-હમાસના કેસમાં ઈઝરાયલની સંસદે ટ્રમ્પને નોતરીને આભાર માન્યો છે.**

# ગાઝાના યુદ્ધવિરામથી પાકિસ્તાનીઓ કેમ ખુશ નથી?

## પેલેસ્ટાઈનમાં ગાઝા પટ્ટી પર હમાસનો કબજો છે જ્યારે વેસ્ટ બેંકમાં પેલેસ્ટાઈન લિબરેશન ઓર્ગેનાઈઝેશન (પીએલઓ)ની સરકાર છે

અંતે ઈઝરાયલ અને કટ્ટરવાદી સંગઠન હમાસ વચ્ચે યુદ્ધવિરામ થઈ ગયો. આ યુદ્ધવિરામના ભાગરૂપે ઈઝરાયલે ગાઝા પટ્ટી પરના હુમલા બંધ કરીને બોમ્બમારો અટકાવી દીધો છે. સાથે સાથે ઈઝરાયલી જેલોમાં બંધ પેલેસ્ટિનિયન કેદીઓને પણ મુક્ત કરવામાં આવ્યા છે.

આ યુદ્ધવિરામના પગલે ઈઝરાયલ અને પેલેસ્ટાઈનમાં જશ્નનો માહોલ છે કેમ કે લગભગ બે વર્ષ પછી બંને દેશનાં લોકોએ કોઈ બોમ્બમારો કે હુમલો ના થયો હોય એવો દિવસ જોયો છે. હમાસે ઓક્ટોબર ૨૦૨૩માં ઈઝરાયલમાં ઘૂસીને ૧૫૦૦ની હત્યા કરી નાખી અને લગભગ ૨૫૦ ઈઝરાયલીઓને બંદી બનાવ્યા પછી ઈઝરાયલે વળતો પ્રહાર કરીને ગાઝા પટ્ટી પર આક્રમણ કરી નાખેલું. ઈઝરાયલે બે વર્ષ સુધી સતત બોમ્બમારો કરીને ગાઝા પટ્ટીને ખેદાનમેદાન કરી નાખ્યું છે.

પેલેસ્ટાઈનમાં ગાઝા પટ્ટી પર હમાસનો કબજો છે જ્યારે વેસ્ટ બેંકમાં પેલેસ્ટાઈન લિબરેશન ઓર્ગેનાઈઝેશન (પીએલઓ)ની સરકાર છે. યુદ્ધવિરામના કારણે બંને વિસ્તારોમાં જશ્ન છે કેમ કે ઈઝરાયલે ભલે હમાસને ખતમ કરવા ગાઝા પટ્ટીને ટાર્ગેટ કરેલું પણ લીલા ભેગું સૂકું બળે એમ વેસ્ટ બેંકને પણ અસર થઈ હતી. ઈઝરાયલ વેસ્ટ બેંકને પણ ધમરોળી નાખશે એ ડરે વેસ્ટ બેંકમાં પણ લોકો ભાગવા માંડેલા તેથી વેસ્ટ બેંકમાં પણ ફફડાટનો માહોલ તો જ. હવે ઈઝરાયલે યુદ્ધવિરામ સ્વીકારીને બોમ્બમારો બંધ કરી દીધો તેથી સૌને શાંતિ છે.

મોટા ભાગના ઈઝરાયલવાસીઓ પણ ખુશ છે કેમ કે છેલ્લાં બે વર્ષથી હમાસની કેદમાં સબડી રહેલા તેમનાં સ્વજનો મુક્ત થયાં છે. ઘણા ઈઝરાયલીઓનાં સ્વજનો હમાસની કેદમાં જ ગુજરી ગયા તેથી સ્વાભાવિક રીતે જ એ લોકોને યુદ્ધવિરામથી બહુ આનંદ ના થાય પણ મોટા ભાગના ઈઝરાયલીઓ ખુશ છે. યુદ્ધવિરામના કારણે હવે હમાસ કે તેના પીઠ્ઠુઓ હુમલા નહીં કરે તેથી ઈઝરાયલમાં પણ શાંતિ રહેશે.

આ યુદ્ધવિરામથી અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ પણ ખુશ છે કેમ કે ટ્રમ્પે યુદ્ધવિરામ કરાવ્યો એવું ઈઝરાયલે સત્તાવાર સ્વીકારીને તેમનો આભાર માન્યો છે. ટ્રમ્પે ભારત-પાકિસ્તાનનું યુદ્ધ અટકાવ્યું ત્યાંથી માંડીને અસ્તિત્વમાં જ નહોતું એવું અલબાનિયા અને અઝરબૈઝાનનું યુદ્ધ પોતે અટકાવ્યું હોવા સુધીનું ગપ્પાંષ્ટક ચલાવેલું.

પોતે દુનિયામાં ૮ યુદ્ધ અટકાવ્યાં હોવાનો દાવો કરીને ટ્રમ્પે શાંતિ માટેનું નોબલ પ્રાઈઝ પણ માગેલું. ટ્રમ્પ નોબલ પીસ પ્રાઈઝ માટે રીતસર ભીખ માગવા પર ઊતરી આવેલા પણ પ્રાઈઝ આપનારી નોર્વેની કમિટીને ગળે ટ્રમ્પનું ગપ્પું ના ઊતર્યું તેમાં ટ્રમ્પ લટકી ગયા.

ઈઝરાયલ-હમાસના કેસમાં ઈઝરાયલની સંસદે ટ્રમ્પને નોતરીને આભાર માન્યો છે. ટ્રમ્પને ઈઝરાયલની સંસદને સંબોધવાની તક આપી અને ટ્રમ્પને ૨૦૨૬માં નોબલ પીસ પ્રાઈઝ આપવાની ભલામણ પણ કરી. આ સંબોધનમાં ટ્રમ્પે ૮ મહિનામાં ૮ યુદ્ધ અટકાવ્યાં હોવાનો દાવો કરી નાખ્યો ને આડકતરી રીતે આવતા વરસના નોબલ પીસ પ્રાઈઝ માટે પણ દાવેદારી કરી નાખી.ટ્રમ્પને ૨૦૨૬માં નોબલ પીસ પ્રાઈઝ મળશે કે નહીં એ ખબર નથી પણ આ ઘટનાક્રમથી ટ્રમ્પ ખુશ છે કેમ કે નોબલ પીસ પ્રાઈઝ ના મળે તો પણ ગાઝા પટ્ટીમાં રિસોર્ટ બનાવવાનું ટ્રમ્પનું સપનું પૂરું કરવા આડેનો સૌથી મોટો અવરોધ દૂર થયો છે.ટ્રમ્પ ગાઝા પટ્ટીનાં લોકોને ખસેડીને ત્યાં મસ્ત મજાન રિસોર્ટ બનાવવા માગે છે. દરિયાકિનારે આવેલા આ રિસોર્ટમાં દુનિયાભરનાં માલેતુજારોને નોતરીને ડૉલરના થોકડા છાપવાની ટ્રમ્પની યોજના છે પણ ઈઝરાયલ અને હમાસનું યુદ્ધ તેમાં મોટું વિઘ્ન હતું.

ટ્રમ્પની યોજના ગાઝાવાસીઓને બીજે ઠેકાણે ખસેડીને આખો વિસ્તાર કબજે કરીને નવું જ બાંધકામ ઊભું કરવાની છે. યુદ્ધ ચાલુ રહે ને શાંતિ ના સ્થપાય ત્યાં સુધી કશું ના થઈ શકે તેથી ટ્રમ્પનું પ્રમુખપદે બેઠા ત્યારથી યુદ્ધવિરામ કરાવવા ઊંચાનીચા થતા હતા પણ હમાસ મચક નહોતું આપતું તેથી ટ્રમ્પની આખી સ્કીમ ખોરંભે ચડી ગયેલી. હવે ટ્રમ્પ આ સ્કીમને આગળ ધપાવી શકશે.એકંદરે હમાસ અને ઈઝરાયલના યુદ્ધવિરામને કારણે લોકો ખુશ છે ને બધાં ઉજવણી કરી રહ્યા છે ત્યારે રસપ્રદ વાત એ છે કે, પાકિસ્તાનમાં હોળી સળગી છે. પાકિસ્તાનની સરકારે યુદ્ધ વિરામને ટેકો આપ્યો તેમાં પાકિસ્તાનના તહરીક-એ-લબ્બૈક પાકિસ્તાન ટીએલપી નામના રાજકીય પક્ષને વાંધો પડી ગયો.આ પક્ષે યુદ્ધ વિરામનો વિરોધ કરીને ઠેર ઠેર વિરોધ કર્યો ને દેખાવોને રોકવા માટે પોલીસે ધોકાવાળી કરી તેમાં ભારે બબાલ થઈ ગઈ છે. તહરીક-એ-લબ્બૈક પાકિસ્તાનનો તો દાવો છે કે, પોલીસ ફાયરિંગમાં તેમના ૨૫૦થી વધુ કાર્યકરો અને નેતાઓ માર્યા ગયા છે, જ્યારે અને ૧,૫૦૦થી વધુ ઘાયલ થયા છે.

તહરીક-એ-લબ્બૈક પાકિસ્તાનના નેતા સાદ હુસૈન રિઝવીને પણ પોલીસે ઉડાવી દીધા હોવાનું કહેવાય છે. સાદ ગાઝાના સમર્થનમાં અને ઈઝરાયલ વિરોધી અભિયાનના ભાગરૂપે લાહોરથી ઈસ્લામાબાદ લાંબી રેલી કાઢવાના હતા પણ પોલીસ રેલી નીકળે એ પહેલાં જ રિઝવીને ઉઠાવવા તેમના ઘરે પહોંચી ગઈ તેમાં પોલીસની ગોળી વાગી જતાં રિઝવી ઉપર પહોંચી ગયાનું કહેવાય છે. રિઝવીની પાર્ટીએ સ્વીકાર્યું છે કે, રિઝવીને પણ ત્રણ ગોળીઓ વાગી હતી. તેમને નજીકના મેડિકલ સેન્ટરમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. સાદ કટ્ટરવાદી નેતા છે તેથી એ જીવે કે મરે આપણને કોઈ ફરક પડતો નથી પણ પાકિસ્તાનની સરકાર પોતાનાં જ લોકો પર કેમ તૂટી પડી એ સમજવા જેવું છે. પાકિસ્તાન પાછું અમેરિકાનું લાડકું બનવા માટે ફાંફાં મારી રહ્યું છે. ઈઝરાયલ-હમાસ યુદ્ધવિરામ અમેરિકાએ કરાવ્યો છે તેથી ટ્રમ્પને વહાલા થવા શાહબાઝ શરીફે તહરીક-એ-લબ્બૈક પાકિસ્તાનના કાર્યકરોને ઠેકાણે પાડવા માંડ્યા છે.શાહબાઝ શરીફની સરકાર જે કરી રહી છે એ અત્યાચાર છે પણ તેનો અફસોસ કરવા જેવો નથી. ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામના કારણે બધાંને શાંતિ છે પણ રિઝવી જેવા નમૂનાઓને પેટમાં દુઃખ્યું છે કેમ કે તેમની માનસિકતા હળાહળ ઈઝરાયલ વિરોધી છે. ઈઝરાયલ સામેના યુદ્ધમાં ગાઝાવાસીઓનો ખુરદો બોલી ગયો છતાં રિઝવી જેવા નમૂના ઈઝરાયલ સામે લડવાની પિપૂડી વગાડ્યા કરે છે. ગાઝાવાસીઓની ચિંતા કર્યા વિના તેમને લડવાના સણકા છે એ જોતાં આ નમૂના શાહબાઝના ડોઝને જ લાયક છે.

**આ ડાહ્યાભાઇની ધૂનમાંથી ક્યારે છૂટું? આવતીકાલે પાછા ત્રીજા ગામ લઇ જશે તો?**

# તમારે ગુરુની જરૂર નથી

**• જમીને સૌની ભાવપૂર્ણ વિદાય લઇને હું એકલો જ વાલોડ જવા નીકળ્યો. આખા માર્ગ ઇશ્વરસ્મરણ કરતો રહ્યો. 'હે પ્રભો, ગઇ રાત્રે તેં જેમ લાજ રાખી હતી, તેમ આજે પણ રાખજે.**

ડાહ્યાભાઈ પીછો છોડે તેવા ન હતા. પાછા સવારે આવી પહોંચ્યા. વૃદ્ધ શરીરમાં તેમનો ઉત્સાહ અપાર હતો. મને કહે કે 'એક દિવસથી વધુ ન રોકાવાનો તમારો નિયમ છે તો ભલે, પણ આજ તમારે અહીં નજીકના ગામ વાલોડ આવવું પડશે.' મેં કહ્યું કે 'કેમ?' તો કહે કે 'એ બ્રાહ્મણોનું ગામ છે. આર્યસમાજી છે. ભલભલાને છક્કા છોડાવી દે છે. મારે તમને ત્યાં લઇ જવા છે અને બતાવી આપવું છે કે શેર ઉપર સવા શેર છે.' મને તેમની વાતનો થોડો આભાસ આવી ગયો હતો. રાત્રે જેમ ચિંતા થઇ હતી તેમ ફરી ચિંતા તથા ભયની અસર થઇ. મનમાં થયું કે 'આ ડોસો મને પેલા ગામના વિદ્વાનો સાથે લડાવવા માગે છે. અને મારું શું ગજું? ક્યાં એ વિદ્વાનો અને ક્યાં હું અજ્ઞાની?' મેં ડાહ્યાભાઇને ના કહીઃ 'મારે વાલોડ નથી આવવું. હું તો આ રેલે રેલે જઇશ.' પણ માને તો ડાહ્યાભાઇ શાના! મારા સ્વભાવની એક દુર્બળતા છે કે કોઇના દઢ આગ્રહ આગળ હું દઢ નથી રહી શકતો, ઝૂકી જાઉં છું. અંતે જમીને વાલોડ જવાની મેં સ્વીકૃતિ આપી. હું વાહનમાં બેસતો નહિ એટલે મારે પગપાળા જવું અને ડાહ્યાભાઇને બસમાં જવું એવું નક્કી થયું.

જમીને સૌની ભાવપૂર્ણ વિદાય લઇને હું એકલો જ વાલોડ જવા નીકળ્યો. આખા માર્ગ ઇશ્વરસ્મરણ કરતો રહ્યો. 'હે પ્રભો, ગઇ રાત્રે તેં જેમ લાજ રાખી હતી, તેમ આજે પણ રાખજે. વાલોડમાં વિદ્વાન બ્રાહ્મણો રહે છે, તેમાં પાછા આર્યસમાજી તાર્કિકો. આ ડાહ્યાભાઇ કોઇ ધૂની માણસ છે. સિંહોની સાથે બકરાને બાથ ભિડાવવા લઇ જઇ રહ્યા છે. કાલ તો સૌ શ્રદ્ધાળુ શ્રોતાઓ હતા એટલે મારી કાલીઘેલી વાતોને પણ અહોભાવથી સાંભળતા હતા, પણ આજે તો કર્કશ તાર્કિકો છે. તે તર્કો કરશે. પ્રશ્નો પૂછશે. મને શું આવડે છે કે હું જવાબ આપી શકીશ? પ્રભો, તું જ લાજ રાખજે.'આખી વાટ પ્રાર્થના કરતો રહ્યો. ચિંતા અને ભય પ્રાર્થનાના પ્રેરક બળો છે. સાંજ પડવાની તૈયારી હતી અને હું વાલોડ પહોંચ્યો. નદીકિનારે ગણપતિનું મંદિર. હું જ્યારે મંદિરમાં પહોંચ્યો ત્યારે વીસ-પચીસ બ્રાહ્મણ વિદ્વાનો બેઠેલા. ગામોમાં સાંજે સૌ નવરા હોય એટલે મંદિરના ઓટલે આવીને બેસે. આરતી કરીને ઘેર જાય. યુરોપમાં કોઇ નવરું નહિ એટલે આવું શાંતિથી બેઠેલું કોઇ ટોળું ભાગ્યે જ જોવા મળે.મને હતું કે ડાહ્યાભાઇ પહોંચી ગયા હશે અને મારી વ્યવસ્થા કરી દીધી હશે. પણ હજી ડાહ્યાભાઇ આવ્યા ન હતા. મને આવેલો જોઇને પેલા વિદ્વાનોએ કશી નોંધ લીધી નહિ. એક ખૂણામાં થેલો મૂકીને નાહવાના કપડા કાઢીને હું ચુપચુપ પેલી મઢીવાળી નદી જે અહીં પણ આવતી હતી ત્યાં નહાવા ગયો. સ્નાન-સંધ્યા કરીને પાછો આવ્યો. પણ હજી ડાહ્યાભાઇ આવ્યા ન હતા. આરતી કરીને સૌ વીખરાવા લાગ્યા. અહીં મંદિરમાં જ રહેનાર કોઇ પૂજારી ન હતો. મંદિર ખુલ્લા જેવું જ હતું એટલે 'ઇધર રહનેકા નહીં હૈ'નો ડર ન હતો. સારું થયું કે મારે સાંજે જમવાનું ન હતું. નહીંતો પણ અહીં કોને પડી હતી કે મારે જમવાનું છે કે નહિ એમ પૂછે? બે-પાંચ માણસો સિવાય બધાય ધીરેધીરે વીખરાઇ ગયા. અંતે તો મારા સમાજે (સાધુસમાજે) જે પ્રતિષ્ઠા-અપ્રતિષ્ઠા સ્થાપિત કરી છે તેના જ ફળ મારે વીણવાના હતા. કોઇએ મારો ભાવ ન પૂછ્યો તેમાં સાધુસમાજનું સમગ્ર રૂપ જવાબદાર હતું.મંદિરના એક ખૂણામાં બેઠો બેઠો ડાહ્યાભાઇના ધૂનીપણાને હું આક્રોશી રહ્યો હતો. 'મને અહીં ધકેલી દીધો અને પોતે તો હજી આવ્યા જ નથી.' ત્યાં તો જેમ વાદળમાં વીજળી ચમકે તેમ ભાઇસાહેબ ચમક્યા. મોડા આવવાનું કારણ બતાવી, જે બે-પાંચ માણસો બેઠા હતા તેમને ધમકાવવા લાગ્યા. 'ઓળખો છો આ કોણ છે? શુકદેવ છે શુકદેવ!' ગામ સાથે તેમનો આત્મીયતાનો સંબંધ હતો એટલે તથા તેમની નિખાલસતા તથા ભાવુકતાથી સૌ પરિચિત હોવાથી સૌ હસતા ચહેરે તેમની ઝાટકણીને સહન કરતા રહ્યા.ગઇકાલની મઢીની વાત રંગોળી પૂરીને કરી. સૌ ગામમાં ગયા અને જોતજોતામાં તો લોકો આવવા લાગ્યા. મંદિરનો હોલ ચિક્કાર ભરાઇ ગયો હતો. મારી ચિંતાનો પાર ન હતો. 'આ ડાહ્યાભાઇની ધૂનમાંથી ક્યારે છૂટું? આવતીકાલે પાછા ત્રીજા ગામ લઇ જશે તો? ના... ના... હવે તો નહિ જ જાઉં.' હું વિચારના ચકડોળે ચકરીઓ ખાઇ રહ્યો હતો.આજે અહીં કાલની માફક વ્યાસપીઠ ગોઠવાઇ ન હતી. શ્રોતાઓમાં મોટો ભાગ પુરુષો અને તેમાં પણ બ્રાહ્મણોનો હતો. ડાહ્યાભાઇએ પ્રવચન માટે મને આગ્રહ કર્યો. હું ઊભો થયો અને કાંઇ અગડંબગડં બોલવા લાગ્યો. સવા-દોઢ કલાક બોલ્યો અને પોતાની જગ્યાએ બેસી ગયો.એક પ્રખર આર્યસમાજી વિદ્વાન ઊભા થયા અને પ્રવચન કરવા લાગ્યા. તેનો સાર હતો કે 'તમારે ગુરુ કરવાની જરૂર નથી. તમે પોતે ગુરુ જ છો.'પ્રવચન પછી સૌનું વલણ બદલાઇ ગયું હતું. સૌને મારામાં, મારી યાત્રામાં, મારા ધ્યેયમાં રસ જાગ્યો હતો.ડાહ્યાભાઇના ચહેરા ઉપર વિજયસ્મિત ફરકી રહ્યું હતું. તે જે બતાવવા માગતા હતા તે બતાવી દીધું હોય તેમ તેમને લાગતું હતું.આગળ મહારાષ્ટ્ર શરૂ થશે અને તમને તકલીફ પડશે. અમે તમને પ્રયાગરાજ સુધીની ટિકિટ કરાવી આપીએ, બીજી ચીજવસ્તુઓ લઇ આપીએ, તેવો ઘણાનો આગ્રહ હોવા છતાં મેં કશું સ્વીકાર્યું નહિ. બીજા દિવસે પેલા વિદ્વાનને ત્યાં જમીને હું પાછો મંદિરે આવ્યો. જોઉં તો સફેદ ખાદીની સાડીઓમાં પ્રભાવશાળી ચાર-પાંચ ભદ્ર બહેનો મારી રાહ જોઇ રહી હતી. મારું નામ સાંભળીને નજીકના કોઇ સર્વોદય આશ્રમમાંથી તે ચર્ચા કરવા આવી હતી.સંન્યાસ ના લેવો જોઇએ તેવો તેમનો આગ્રહ તથા સલાહ હતા. ત્યારે હું ખાદી કે ગ્રામઉદ્યોગ સંબંધી કાંઇ જાણતો નહિ. મારા નિર્ધારમાં મને દઢ જોઇને તે બહેનો આશીર્વાદ આપીને વિદાય થઇ. હું પણ સૌની ભાવપૂર્ણ વિદાય લઇને પાછો રેલવેના પાટા તરફના માર્ગ ચાલી નીકળ્યો.

**નગરવાલા કેસમાં અમુક સવાલો આજે ય જવાબ માગે છે:**

# નગરવાલાને જીવલેણ હાર્ટ અટેક ને અનેક અનુત્તર સવાલ

## શું નગરવાલા ખરેખર સરકારની સૂચનાનો અમલ કરતો હતો?

વડાં પ્રધાનના નામ અને અવાજનો ઉપયોગ કરીને બૅંક સાથે રૂા. ૬૦ લાખની ઠગાઈનો મામલો શાંત પડવાનું નામ લેતો નહોતો. પોલીસે અને ન્યાયતંત્રે અસાધારણ – અકલ્પ્ય ઝડપ બતાવીને કેસ પર પૂર્ણ વિરામ મૂકી દીધું, પરંતુ વારંવાર એ પૂર્ણવિરામને અલ્પવિરામ બનાવવાની ચેષ્ટા થતી રહેતી હતી. આ કેસના તપાસ અધિકારી ડી. કે. કશ્યપનું માર્ગ-અકસ્માતમાં મોત. પછી મુખ્ય અને એકમાત્ર આરોપી રુસ્તમ સોરાબ નગરવાલાની અખબારને ઈન્ટરવ્યૂ આપવાની ઈચ્છા અને છેલ્લી ઘડીએ નનૈયા ભણી દેવો એ સાધારણ કે તર્કબદ્ધ વાત ન લાગે. કુછ તો ગરબડ હૈ એવું ઘણાંને ત્યારે લાગ્યું હતું.

નગરવાલા માટે હજી સમાચારમાં ચમકવાનું બાકી હતું ૧૯૭૨માં ફેબ્રુઆરીના આરંભે નગરવાલાને તિહાર જેલની હૉસ્પિટલમાં ખસેડાયો હતો. તબિયતમાં સુધારો ન થતા ૨૧મી ફેબ્રુઆરીએ જી.બી. પંત હૉસ્પિટલમાં લઈ જવાયો હતો. પરંતુ બીજી માર્ચથી તબિયત કથળવા માંડી. એજ દિવસે બપોરે ૨:૧૫ કલાકે નગરવાલાનું અવસાન થયું કારણ હાર્ટઅટેક.

ચેપ્ટર હજી પૂરું થયું નહોતું. જેલમાંથી નગરવાલા સતત પત્રો લખતો હતો. આમાં નગરવાલા અને ઈંદિરા ગાંધી વચ્ચે ઓળખાણ-સંબંધ હોવાનું સ્પષ્ટ થતું હતું. જોકે વડાં પ્રધાનને ક્યારેય પોતે નગરવાલાને મળ્યા હોવાનું યાદ નહોતું. જેલમાંથી એક પત્ર લખીને નગરવાલાએ ૬૦ લાખની કથિત ઉચાપતના અપરાધ પાછળની સચ્ચાઈને બહાર લાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી અને એ ઘટસ્ફોટ રાષ્ટ્રની આંખ ઉઘાડનારો બની રહેશે એવો દાવો સુધ્ધાં કર્યો હતો.

નગરવાલા કૌભાંડને લીધે ઈંદિરા ગાંધીની સરકારની ખૂબ ટીકાઓ થઈ. પછી કટોકટી લદાઈ એમાં કૉંગ્રેસ અને વડાં પ્રધાન વધુ ખરડાયા. ૧૯૭૭માં જનતા પક્ષની સરકાર આવી ત્યારે નગરવાલા કેસની સચ્ચાઈ બહાર લાવવા માટે પી. જગમોહન રેડ્ડી પંચની સ્થાપના થઈ હતી.

ઈન્વેસ્ટિગેટિવ જર્નાલિસ્ટ એલ. કે. અગ્રવાલના પુસ્તકમાં નગરવાલા ખટલાની ઝડપને કાનૂની ઈતિહાસમાં અભૂતપૂર્વ' ગણાવાઈ હતી. રેડ્ડી પંચની તપાસ અગાઉ મેગેઝિનઈન્ડિયા ટુડે'ના લેખમાં સમગ્ર ઘટનાના સત્તાવાર વર્ઝન પર કેટલીક શંકા વ્યક્ત કરાઈ હતી. આમાં બૅંકના વ્યવહાર અને પગલાં, નગરવાલાના ભૂતકાળ અને તેની ઈંદિરા ગાંધીના અવાજની નકલ કરવાની ક્ષમતા પર શંકા વ્યક્ત કરવા સાથે સમગ્ર ઘટનાની 'વન પોસિબલ રિક્નસ્ટ્રકશન' કરવાનું સૂચન થયું હતું. શું એ ખરેખર બાંગ્લાદેશી બળવાખોરોને આર્થિક ભંડોળ પૂરું પાડવા માટેનો અંડરકવર કુરિયર માત્ર હતો? અને એ ગુપ્ત રાખવા માટે સરકાર ઢાંકપિછોડો કરી રહી હતી.

પી. જગમોહન રેડ્ડી પંચે ૧૯૭૮માં ૮૨૦ પાનાનો અહેવાલ સરકારને સુપરત કર્યો હતો. એ મુજબ બૅંકે હિસાબમાં દર્શાવ્યા વગરની રકમ રાખી હતી અને વડાં પ્રધાનની કચેરીએ પોલીસ તપાસને અવરોધી હતી. આ સાથે પંચે સ્પષ્ટ શબ્દોમાં

જણાવ્યું હતું કે નગરવાલાની કબૂલાતનો અસ્વીકાર થવો જોઈતો હતો કારણ કે એના સમર્થનમાં કોઈ પુરાવો નહોતો. હા, નગરવાલાનું મૃત્યુ શંકાસ્પદ ન હોવાનો પંચનો મત હતો.

આ સાથે એવો સવાલ પણ કરાયો હતો કે બૅંકમાંથી રકમ કઢાવવા માટે મેનેજરનો સંપર્ક કેમ કરાયો નહોતો? મૃત્યુ અગાઉ નગરવાલા હૉસ્પિટલમાં હતા, ત્યારે પોતાના માતા ગુલબાઈને પત્ર લખીને ચિંતા વ્યક્ત કરવા સાથે જે કંઈ થઈ ગયું એ બદલ દુઃખ પ્રગટ કર્યું હતું. ગુલબાઈએ શ્રીમતી ઈંદિરા ગાંધીને પત્ર લખ્યો હતો, જેમાં કરોડો પ્રજાજનોની ફિકર કરનારી સ્ત્રી એક માતાની વ્યથા સમજી શકશે એવી આશા વ્યક્ત કરી હતી. ગુલબાઈએ સ્વાભાવિકપણે પુત્રને મદદ કરવા અને બચાવવા માટે અપીલ કરી હતી, પણ આ પત્રનો ક્યારેય જવાબ આવ્યો નહિ.

નગરવાલા કેસમાં અમુક સવાલો આજે ય જવાબ માગે છેઃ શું નગરવાલા ખરેખર સરકારની સૂચનાનો અમલ કરતો હતો? શું આ ઊંધે રસ્તે ફંટાઈ ગયેલું સરકારનું ગુપ્ત મિશન હતું? ખટલો એકદમ ઝડપભેર અને ખાનગીમાં કેમ ચલાવાયો? આ રહસ્યમય કેસના મહત્ત્વનાં પાત્રોના અકાળે અવસાન માત્ર યોગાનુયોગ હતો.

એક શક્યતા એવી ય બહાર આવી હતી કે નગરવાલા કાંડમાં ભારતીય ગુપ્તચર સંસ્થા 'રૉ'નો કોઈ રોલ જ નહોતો? હકીકતમાં અમેરિકન ગુપ્તચર સંસ્થા સી.આઈ.એ. ખેલ પાડી ગઈ હતી. કારણ? એક તો તત્કાલીન પ્રમુખ રિચાર્ડ નિકસનને ઈંદિરા ગાંધીની ખુદ્દારી દીઠી ગમતી નહોતી. બીજું, ગાંધીની બાંગ્લાદેશની નીતિ અમેરિકન સરકાર વિરુદ્ધ હતી.

અમેરિકા કાયમ પાકિસ્તાનને બગલબચ્ચું બનાવી રાખવા માગતું હતું એટલે એને ફાકો મારતી બાંગ્લાદેશી ચળવળને દરેક રીતે ટેકો આપનારી ભારત સરકાર એને આંખમાં કણાની જેમ ખટકતી હતી. આથી ભારત સરકારને પર્દાફાશ કરવા અને વડાં પ્રધાન ઈંદિરા ગાંધીની છબિ ખરડવા માટે સી.આઈ.એ. દ્વારા આ આખો તાયફો રચાયો હતો.પરંતુ સચ્ચાઈ શું હતી? અમુક સત્ય કાયમ માટે કાળના ગર્ભમાં દફનાવાઈ જતા હોય છે, તો નગરવાલા કેસ પણ એમાંનો એક હશે? જવાબ માત્ર સમય પાસે છે. એ જવાબ મળશે, ક્યારે મળશે? એ બધું સમય જાણે.

### ભણસાલી ૧૦૦ કરોડ આપે તો પણ કામ ન કરું : ઇસમાઇલ દરબાર

# ઇસ્માઇલ દરબારે ભણસાલીને અહમવાળા કહીને વિખવાદ અંગે ખુલાસો કર્યો



મ્યુઝિક કમ્પોઝર ઈસ્માઈલ દરબારે હિન્દી સિનેમામાં ‘હમ દિલ દે ચુકે સનમ’થી લઈને ‘દેવદાસ’ સુધી હિન્દી સિનેમામાં અનેક યાદગાર ગીતો આપ્યા છે. પરંતુ પછી થોડા વર્ષો બાદ ટેલિવિઝનમાં દેખાયા પછી તેઓ ગાયબ થઈ ગયા છે. તાજેતરમાં તેમણે ભણસાલી સાથે સંબંધો બાબતે એક ઈન્ટરવ્યુમાં વાત કરી હતી. ઈસ્માઈલ દરબારે આ ઈન્ટરવ્યુમાં કામ બાબતના પોતાના નીડર અભિગમ વિશે વાત કરી હતી. તેના કારણે હિરામંડી દરમિયાન તેના ભણસાલી સાથેને સંબંધો ખરાબ તબક્કામાં પહોંચી ગયા છે.

ઈસ્માઈલ દરબારે કહ્યું કે શરુઆતથી જ તેમનો ભણસાલી સાથેનો સંબંધ ઘણો અલગ રહ્યો છે. જ્યારે તેઓ ‘હમ દિલ દે ચુકે સનમ’ માટે સાથે કામ કરી રહ્યા હતા, ત્યારે તેઓ એવા સંગીતકાર નહોતા જે ડિરેક્ટરની વાત જો તેમને વ્યાજબી ન લાગે તો તેમની હામાં હા મિલાવતા નથી. તેમણે કહ્યું, “હું હંમેશા સ્પષ્ટ હતો કે મને શું ગમે છે અને હું સંગીત કેવું સંભળાય તેવું ઈચ્છું છું. જો સંજયે મને કશુંક સજેસ્ટ કર્યું હોય અને હું તેની સાથે સહમત ન હોય તો, હું તેમને સામે જ સ્પષ્ટ કહી દઈશ.”

ઈસ્માઈલ દરબારે કહ્યું કે સર્જનાત્મક કામોમાં તંદુરસ્ત અસહમતી સામેલ જ હોય છે, તેમને ન ગમે તે સૂચનોમાં તેઓ અસહમતી દર્શાવે તે એમને સામાન્ય લાગે છે. વર્ષો પછી ફરી એક વખત ભણસાલીની મહત્વાકાંક્ષી સિરીઝ ઈસ્માઈલ દરબાર અને ભણસાલી હીરામંડીઃ ધ ડાયમંડ બાજાર માટે સાથે આવ્યા. દરબાર કહે છે, તેમણે આ સિરીઝ પર દોઢ વર્ષ સુધી કામ કર્યું અને તેમણે એના સંગીતમાં દિલ રેડીને કામ કર્યું હતું. પરંતુ તેમની ઈચ્છા મુજબ આ કામ આગળ વધ્યું નહીં, કારણ કે એક અખબારી અહેવાલમાં ઈસ્માઈલ દરબારના સંગીતને હીરામંડીની કરોડરજ્જુ ગણાવવામાં આવ્યું. એ અહેવાલમાં લખાયું હતું કે ભણસાલી ભલે મોટી સ્ટાર કાસ્ટના બણગા ફૂંકતા હોય પરંતુ દરબારનું સંગીત સૌથી મજબુત પાસું છે. ભણસાલીના ધ્યાનમાં આ અહેવાલ આવ્યો અને તેમને લાગ્યું કે ઈસ્માઈલ દરબારે પોતે આ અહેવાલ છપાવડાવ્યો છે, તેનાથી તેમની વચ્ચે તિરાડ પડી.

ઈસ્માઈલ દરબારે કહ્યું, “મેં કહ્યું, જુઓ, મારો જો ન્યુઝ બ્રેક કરવા જ હોય તો, હું તમારાથી ડરું નહીં, હું તમને મોં પર કહીશ કે, હા મેં આ કર્યું છે. મને હજુ નથી ખબર કોણે આવું કર્યું, પરંતુ એ વ્યક્તિએ આ સમાચાર ફેલાવ્યા અને ભણસાલીને તે મળી ગયા. તેમણે મને તેમની ઓફિસમાં બોલાવ્યો અને કહ્યું, “તું આવું કઈ રીતે કરી શકે?” પછી તેમણે કહ્યું, “કંઈ નહીં, જવા દો.” તેથી હું સમજી ગયો કે, જવા દો, નો અર્થ એવો હતો કે, એ પાછળથી મને એવી સ્થિતિમાં મુકશે કે હું પોતે જ હીરામંડી છોડી દઈશ. એ બને એ પહેલાં જ હું ત્યાંથી નીકળી ગયો.”

ભણસાલીએ તેમને ફરી બોલાવ્યા પણ નહીં, આ અંગે ઈસ્માઈલ દરબાર કહે છે, “એ શા માટે કરે? એ સમજી ગયા — જ્યારે ઈસ્માઈલ દરબાર કરોડરજ્જુ હોય છેઃ હું હમ દિલ દે ચુકે સનમમાં કરોડરજ્જુ હતો..હું દેવદાસની કરોડરજ્જુ હતો..મેં આ ક્યારેય નથી કહ્યું, આ એમની પીઆર ટીમ કહેતી હતી અને એ પણ પહેલા પાનાના અહેવાલોમાં. આમ મેં એમનો અહમ જોયો છે. તેમને એ ડર હતો કે મેં બહુ મહેનત કરી અને એ બધું શ્રેય લઈ જાય છે. આજે જો સંજય મને આવીને કહે, કે હું તમે ૧૦૦ કરોડ આપીશ, મારા માટે સંગીત કરો, તો હું એને કહીશ, “પહેલી ફુરસત મેં ચલે જા યહાં સે.



## મિર્ઝાપુર ફિલ્મમાં વિક્રાંત મેસ્સીનું સ્થાન જિતેન્દ્ર કુમાર લેશે

એક્ટર અલી ફઝલ હાલ જેની ઘણી રાહ જોવાઈ રહી છે એવી ફિલ્મ ‘મિર્ઝાપુર’નું શૂટિંગ કરી રહ્યો છે, જેમાં કે ફરી એક વખત ગુડ્ડુ પંડિતના રોલમાં જોવા મળશે. આ ફિલ્મના શૂટિંગ દરમિયાનના કેટલાંક ફોટો અને વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. જેમાં અલી ફઝલ સાથે જિતેન્દ્ર કુમારને જોઈ શકાય છે. તેને જોઈને ઘણા ફેન્સ ખુશ થઈ ગયા છે. તો તે વિક્રાંત મેસ્સીને રિપ્લેસ કરી રહ્યો હોવાની પણ ચર્ચા છે. આ ફિલ્મમાં જિતેન્દ્ર બબલુ પંડિતનો રોલ કરવાનો હોવાની ચર્ચા છે. એક વાયરલ વીડિયોમાં ગુડ્ડુ પંડિત મરુન ટીશર્ટમાં બોડી બનાવીને મસ્તી કરી રહ્યો છે તેની સાથે જિતેન્દ્ર પણ ટીશર્ટ પહેરેલો દેખાય છે, તે ગુડ્ડુ પંડિત સાથે વાત કરી રહ્યો છે. આ સિવાયના એક વીડિયોમાં શ્વેતા ત્રિપાઠી પણ દેખાય છે, જે એક રિક્ષામાં બેસી રહી છે. પંચાયતના સચિવજીને બબલુ પંડિત તરીકે જોઈને તે વિક્રાંતને રિપ્લેસ કરવાનો હોવાની ચર્ચાઓ શરૂ થઈ છે, સિરીઝમાં તો બબલુ પંડિતની હત્યા થઈ ગઈ છે, પરંતુ ફિલ્મમાં તેનો રોલ કેવો હશે, તે અંગે પણ ઘણી અટકળો અને ચર્ચો થઈ રહી છે. તો કેટલાંક લોકો પંચાયતના ગભરુ અને શાંત સચિવજીને લોહિયાળ વાર્તા ધરાવતા મિર્ઝાપુરમાં બબલુ પંડિત કઈ રીતે બનશે તે જોવા માટે ઉત્સુક છે. ઘણા લોકોએ આ બાબતે સોશિયલ મીડિયા પર કમેન્ટ્સ કરી હતી. કોઈએ કહ્યું કે, “સચિવજીથી કેટ ક્લીયર ન થઈ તો ગુંડાગર્દી પર આવી ગયા. હવે ફુલેરામાં પણ તાંડવ થશે.”ગયા વર્ષે આ હિટ વેબ સિરીઝના મેકર્સ દ્વારા મિર્ઝાપુર ફિલ્મની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં પંકજ ત્રિપાઠી, અલી ફઝલ અને દિવ્યેંદુ શર્મા તેમના પાત્રો કાલીન ભૈયા, ગુડ્ડુ પંડિત અને મુન્ના ભૈયાના રોલમાં જોવા મળશે. અભિષેક બેનર્જી પણ કમ્પાઉન્ડરના રોલમાં અને શ્વેતા ત્રિપાઠી ગોલુના રોલમાં ફરી જોવા મળશે. આ મૂળ સિરીઝની ત્રણ સીઝન પહેલાં આવી ચુકી છે.

## મોહનલાલનું ભારતીય સેનાએ સન્માન કર્યું, સમગ્ર ભારતીય સેનાનો આભાર માન્યો

સાઉથના સુપરસ્ટાર મોહનલાલની યશકલગીમાં વધુ એક પીછું ઉમેરાયું છે, તાજેતરમાં તેમણે દાદા સાહેબ ફાળકે એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યા છે. મોહનલાલ ભારતીય સેનાની ટેરીટોરીયલ આર્મીના લેફ્ટન્ટ કર્નલનો હોદ્દો ધરાવે છે, ત્યારે તાજેતરમાં ભારતીય સેના દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમણે આભાર વ્યક્ત કરતા એક્સ પર આ સન્માનની તસવીરો શેર કરી છે. આ ફોટોમાં મોહનલાલ આર્મીના યુનિફોર્મમાં દેખાય છે, આર્મન ચીફ નરલ ઉપેન્દ્ર દ્વિવેદી તેમને સર્ટીફિકેટ આપે છે. આ પોસ્ટની કેપ્શનમાં તેમણે લખ્યું હતું, “આજે મને આર્મી સ્ટાફના ચીફ, જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી દ્વારા આર્મી હેડક્વાર્ટર્સ ખાતે આમંત્રણનું સન્માન પ્રાપ્ત થયું હતું, જ્યાં મનેસાત આર્મી કમાન્ડર્સની ઉપસ્થિતિમાં સીઓએએસ કમેન્ડેશન કાર્ડ એનાયત કરવામાં આવ્યું હતું.”આગળ તેમણે જણાવ્યું હતું, “માનદ લેફ્ટનન્ટ કર્નલ તરીકે માન્યતા પ્રાપ્ત કરવી એ મારા માટે ગૌરવ અને ઋણાનુવાદની ક્ષણ છે. જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી અને સમગ્ર ભારતીય સેનાનો હું દિલથી આભારી છું. મારી ટેરેટોરીયલ આર્મીની માતૃ ટૂકડી આ સન્માન અને સહકાર માટે તેમની આભારી છે. જય હિન્દ.”જયારે આર્મીના માહિતી અધિકારી દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, “લેફ્ટનન્ટ કર્નલ મોહનલાલ ભારતીય સેનાના સૌથી સ્થિર ટેકેદાર રહ્યા છે, જેઓ વિવિધ કાર્યો દ્વારા સતત સેના માટે પ્રદાન આપીને તેમનું સન્માન કરતા રહ્યા છે. તેમણે યુવાનોને આર્મીની સેવાઓમાં જોડવા પ્રેરિત કર્યા છે અને માનવીય ઓપરેશન્સમાં આર્ણીની ભુમિકાનું મહત્વ સમજાવ્યું છે. તેમનું જોડાણ સેનાઓ સાથેનો ઉંડો સંબંધ દર્શાવે છે.”

## અંતે દીપિકાએ વધારે ફીની ડિમાન્ડ અને શિફ્ટના કલાકો પર મૌન તોડ્યું

દીપિકા પાદુકોણે કામના નક્કી કલાકોની શિફ્ટની માંગણી કરી, વધારાના કલાકો કામ કરવા માટે વધારાના પૈસા માગ્યા, તેના કારણે તેને સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મ ‘સ્પિરિટ’માંથી દૂર કરી દેવાઈ. અનપ્રોફેશનલ વર્તનને કારણે તેને નાગ અશ્વિનની ફિલ્મ ‘કલકી ૨૮૯૮ એડી’ની સિક્વલમાંથી હાંકી કાઢવામાં આવી. આ પ્રકારના અહેવાલોને કારણે અનેક પ્રકારની ચર્ચાઓ થઈ, અનેક લોકોએ બંને પક્ષોના ટેકામાં અને વિરોધમાં પોતાના નિવેદનો પણ આપ્યા હતા. પરંતુ દીપિકાએ અત્યાર સુધીમાં આ અંગે કોઈ સ્પષ્ટ નિવેદન આપ્યું નહોતું. હવે એક ચેનલ સાથેના ઈન્ટરવ્યુમાં દીપિકાએ આ દરેક પ્રકારની ચર્ચાઓ અંગે ખુલીને વાત કરી છે. તેણે એમ પણ કહ્યું કે જ્યારે જ્યારે હિરો વર્ષોથી આઠ કલાકની શિફ્ટમાં કામ કરે છે, ત્યારે તો કોઈએ તેમના પર પ્રશ્ન ઉઠાવ્યા નથી.



દીપિકાએ કહ્યું, “એક મહિલાના ગુણોની દૃષ્ટિએ, જો તમને આ બાબત કોઈ દબાણ ઉભું કરનારી કે જે લાગવી હોય એ લાગે. પરંતુ ઈન્ડિયન ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં હિરો વર્ષોથી ૮ કલાકની શિફ્ટમાં કામ કરે છે, તે વાત પણ કોઈથી છુપી નથી, છતાં તેની ક્યારેય હેડલાઈન બની નથી.” દીપિકાએ એમ પણ કહ્યું કે તે કોઈના નામ લઈને ફરી હેડલાઈન્સ બનાવવા માગતી નથી, પરંતુ ઘણા મેલ એક્ટર્સ એવા છે, જે એક દિવસમાં ૮ કલાક જ કામ કરે છે અને એ પણ સોમથી શુક્ર, એ લોકો વીકેન્ડમાં કામ પણ કરતા નથી.

દીપિકાએ કહ્યું કે ઈન્ડસ્ટ્રીમાં એક સીસ્ટમ શરુ કરવાની અને બધું થોડું માળખામાં ગોઠવવાની જરૂર છે. તેણે જણાવ્યું, “આપણે ખરેખર તો ક્યારેય એક ઈન્ડસ્ટ્રી તરીકે કામ જ નથી કર્યું. આપણે ઉદ્યોગ તરીકે ઘણા અસંગઠીત છીએ અને મને લાગે છે કે આપણે થોડી સીસ્ટમ અને વર્ક કલ્ચર લાવવાની જરૂર છે.”

દીપિકાએ કલકી અને સ્પિરિટ છોડી પછી હવે તે શાહરુખ સાથે ‘કિંગ’માં કામ કરી રહી


આભાર - નિહારીકા રવિયા છે, તેણે જણાવ્યું કે તે પોતાની લડત મૌન આત્મસન્માન સાથે લડવાનું પસંદ કરે છે. દીપિકાએ કહ્યું, “મેં આ ઘણા સ્તર પર કર્યું છે, મારા માટે આ નવું નથી, મને લાગે છે કે વળતર મુદ્દે પણ મારે જે સામે આવ્યું તેનો સામનો કરવો પડ્યો છે. મને ખબર નથી, આને શું કહેવું, પરંતુ હું એવી વ્યક્તિ છું, કે મને મારી લડત મૌન આત્મસન્માન સાથે લડવાનું પસંદ છે અને કોઈ વિચિત્ર કારણોસર એ જાહેર થઈ જાય છે અને હું એ રીતે એને ક્યારેય જાહેર કરતી નથી, પરંતુ હા મારી લડતો હું મૌન અને આત્મસન્માન સાથે લડું છું, મારો એ લડવાનો રસ્તો છે.”

## શું ‘ચાંદની બાર રિઓપન્સ’માં તબ્બુ ફરી જોવા મળશે?



રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા ફિલ્મ ‘ચાંદની બાર’ની સીક્વલ પર સત્તાવાર રીતે કામ શરૂ થઈ ગયું હોવાના અહેવાલો છે. સાથે જ આ ફિલ્મ મધુર ભંડારકરે ડિરેક્ટ કરી હતી અને આ વખતે તેઓ આ ફિલ્મની સિક્વલ નથી કરી રહ્યા એ વાતની પણ ચર્ચા છે. પરંતુ આ જાહેરાત વચ્ચે સૌથી મોટો પ્રશ્ન જે ચર્ચામાં છે એ છે કે શું તબ્બુ ફરી એકવાર પોતાના આઈકોનિક પાત્ર મુમતાઝ સાવંત તરીકે પરત ફરશે?મૂળ ફિલ્મમાં તબ્બુના મજબુત અને સંવેદનશીલ અભિનયે તેને રાષ્ટ્રીય પુરસ્કાર અપાવ્યો હતો અને આજે પણ આ ફિલ્મ તેની અભિનય કળાના એક ઉદાહરણ તરીકે યાદ કરવામાં આવે છે. ત્યારે હવે નિર્માતાઓએ ખાતરી આપી છે કે ‘ચાંદની બાર ૨’ નવી પેઢી માટે આ વાર્તાને ફરી રજૂ કરશે, જે પહેલી ફિલ્મની ઘટનાઓ પછીના ૨૫ વર્ષના પરિપ્રેક્ષ્ય પર આધારિત હશે. જો કે, હજુ સુધી એ સ્પષ્ટ થયું નથી કે તબ્બુ ખરેખર આ પાત્રને ફરી નિભાવશે કે નહીં.પ્રોજેક્ટ સાથે જોડાયેલા એક નજીકના સુત્રના જણાવ્યા અનુસાર, ‘ચાંદની બાર ૨’ના નિર્માતાઓ તબ્બુની વાપસી અંગે ગંભીર ચર્ચા વિચારણા કરી રહ્યા છે. સ્ત્રોતે જણાવ્યું, “નિર્માતાઓ ઈચ્છે છે કે તબ્બુ પોતાનું આ જાણીતું પાત્ર ફરી નિભાવે, કારણ કે તેની હાજરી ફિલ્મની વિશ્વસનીયતા અને ભાવનાત્મક ઊંડાણ માટે મહત્વની માનવામાં આવે છે. ચર્ચા ચાલુ છે, પરંતુ તબ્બુ આ રોલ કરશે કે નહીં તે અંગે કોઈ ખાતરી થઈ નથી.”‘ચાંદની બાર ૨’નું નિર્માણ સંદીપ સિંહ તેમના બેનર લેજન્ડ સ્ટુડિયોઝ હેઠળ કરી રહ્યા છે, જ્યારે દિગ્દર્શનનું કામ જાણીતા ફિલ્મમેકર અજય બહલ સંભાળી રહ્યા છે, મધુર ભંડારકર નહીં.સુત્રોના જણાવ્યા મુજબ, આ સીક્વલમાં એક નવી એક્ટ્રેસને પણ લેવામાં આવશે.

## રણવીરે ‘ધુરંધર’નું શૂટિંગ પૂરું કર્યું, ૧૨ ઓક્ટોબરે અક્ષય ખન્ના ફિલ્મ પૂરી કરશે



જ્યારથી ‘ધુરંધર’ની સ્ટાર કાસ્ટના ફોટો સોશિયલ મીડિયા પર જાહેર થયા ત્યારથી જ આ ફિલ્મ અંગે ચર્ચા અને ઉત્સુકતા છે. ત્યાર બાદ જ્યારે રણવીર સિંહના પાત્રની સાથે અન્ય પાત્રોની

ઝલક આપતું ૨ મિનિટ અને ૩૯ સેકન્ડનું ટીઝર લોંચ કરવામાં આવ્યું, ત્યારથી આ ફિલ્મ વિશે ઘણો ઉત્સાહ અને ચર્ચા છે. રણવીરસિંહના બોલ્ડ અને એનર્જેટિક અવતારથી લઈને સંજય દત્તની ઈન્ટેન્સ સ્ટાઈલની ચર્ચાઓ રહી છે. આ ફિલ્મની રિલીઝની ઘણી રાહ જોવાઈ રહી છે. હવે એવા અહેવાલો છે કે, રણવીરે ફિલ્મનું શૂટિંગ પૂરું કરી દીધું છે અને ૧૨ ઓક્ટબરે અક્ષય ખન્ના આ ફિલ્મનું અંતિમ શૂટિંગ કરશે અને ફિલ્મ પુરી થશે. મેકર્સ ૫ ડિસેમ્બરે ફિલ્મ રલીઝ કરવાની તૈયારીઓ પૂર જોશમાં કરી રહ્યા છે.ફિલ્મ સાથે સંકળાયેલા એક સુત્રના જણાવ્યા અનુસાર, “આ ફિલ્મમાં રણવીર સિંહ ક્યારેય જોવા ન મળ્યો હોય એવા અવતારમાં જોવા મળશે. તેણે પણ આ રોલ માટે પોતાની જાત પર ઘણી મહેનત કરી છે, જેમાં એક અંધારી અને લાલચભરી દુનિયામાં ગુનાઓની દુનિયામાં ફિલ્મની સ્ટોરી આકાર લે છે. રણવીરે પોતાનું શૂટિંગ પૂરું કરી નાખ્યું છે અને જ્યારે અક્ષય ખન્ના તેનો ભાગ ૧૨ ઓક્ટોબર સુધીમાં પુરો કરશે. ધુરંધરનું કામ યોગ્ય ગતિએ ચાલે છે અને ૫ ડિસેમ્બરે ફિલ્મ રિલીઝ થશે. દિવાળી પર આ ફિલ્મનું માર્કેટિંગ શરૂ થશે. ટીમ પાસે એક વિસ્તૃત પ્રમોશન પ્લાન છે, જેનો તેઓ દિવાળીના તહેવારના દિવસોમાં લાભ લઈ શકે. ફિલ્મનાં નવા પોસ્ટર, ગીત અને ટીઝર એક પછી એક જાહેર થશે.”આ પહેલાં રણવીરની રોકી ઔર રાની કી પ્રેમ કહાની આવી હતી, તેનાં કરતાં આ ફિલ્મમાં તેનો રોલ બિલકુલ અલગ છે, તેથી તેના ફેન્સ પણ આ ફિલ્મ બાબતે ઘણા ઉત્સાહમાં છે. આ ફિલ્મથી ભારતીય જાસુસી સંસ્થા રોને એક અંજલિ આપવાની કોશિશ કરવામાં આવશે, આ ફિલ્મ એવા અધિકારીઓને સમર્પિત છે, જેઓ ક્યારેય લોકોની નજરમાં હિરો તરીકે દેખાતા નથી.

# વેસ્ટઈન્ડિઝ સામે ભારતે ૨-૦થી સીરિઝ જીતી વ્હાઈટવોશ કર્યું

## કુલદીપ અને યશસ્વી જીતના હીરો








ભારતીય ક્રિકેટ ટીમે વેસ્ટ ઈન્ડિઝ સામેની બે મેચની ટેસ્ટ સીરિઝમાં શાનદાર પ્રદર્શન કરતાં ૨-૦થી ક્લીન સ્વીપ કર્યું છે. દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાયેલી બીજી અને અંતિમ ટેસ્ટ મેચ ભારતે સાત વિકેટથી જીતી લીધી છે. ભારતીય ટીમે રમતના પાંચમા અને અંતિમ દિવસ (૧૪મી ઓક્ટોબર)ના પહેલા સત્રમાં જ જીત માટેનો ૧૨૧ રનનો લક્ષ્યાંક આસાનીથી હાંસલ કરી લીધો હતો.

ભારતની જીતમાં યુવા ખેલાડીઓ કુલદીપ યાદવ અને યશસ્વી જયસ્વાલે મુખ્ય ભૂમિકા ભજવી હતી. કુલદીપ યાદવે મેચમાં કુલ ૮ વિકેટ ઝડપીને વેસ્ટ ઈન્ડિઝના બેટિંગ ક્રમને ધ્વસ્ત કર્યો હતો. જ્યારે યુવા ઓપનર યશસ્વી જયસ્વાલે પહેલી ઈનિંગમાં ૧૭૫ રનની શાનદાર સદી ફટકારીને ભારતને વિશાળ લીડ અપાવવામાં મદદ કરી હતી.દિલ્હી ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝે પહેલી ઈનિંગમાં ૨૪૮ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ભારતીય ટીમે યશસ્વીની સદીની મદદથી ૫ વિકેટે ૫૧૮ રન બનાવીને ઈનિંગ ડિકલેર કરી હતી અને ૨૭૦ રનની મજબૂત લીડ મેળવી હતી. ભારતે વેસ્ટ ઈન્ડિઝને ફોલો-ઓન આપ્યું હતું, જેમાં વેસ્ટ ઈન્ડિઝની ટીમ બીજી ઈનિંગમાં ૩૯૦ રન બનાવી શકી હતી, જેના કારણે ભારતને જીતવા માટે ૧૨૧ રનનો નાનો લક્ષ્યાંક મળ્યો હતો.આ જીત સાથે, ભારતીય ટીમે વેસ્ટ ઈન્ડિઝ સામે ટેસ્ટ સીરિઝમાં જીતનો પોતાનો રેકોર્ડ જાળવી રાખ્યો છે. વેસ્ટ ઈન્ડિઝ સામે ભારતનો આ સતત ૧૦મો ટેસ્ટ સીરિઝ વિજય છે. વેસ્ટ ઈન્ડિઝે છેલ્લે ૨૦૦૨માં ભારતને ટેસ્ટ સીરિઝમાં હરાવ્યું હતું. ત્યારથી, વેસ્ટ ઈન્ડિઝ ભારત સામે એક પણ ટેસ્ટ મેચ જીતી શક્યું નથી. નોંધનીય છે કે ભારતે સીરિઝની પહેલી ટેસ્ટ અમદાવાદમાં ૧૪૦ રનના મોટા અંતરથી જીતી હતી.

## કેપ્ટન તરીકે ગિલે પહેલી ટેસ્ટ સિરીઝ જીતી

### વેસ્ટ ઇન્ડીઝને ક્લીન સ્વીપ કર્યું, બીજી મેચમાં કેરેબિયન ટીમને ૭ વિકેટે હરાવ્યું; કેએલ રાહુલની ફિફ્ટી

ભારતે વેસ્ટ ઈન્ડીઝને ૭ વિકેટે હરાવી ટેસ્ટ સિરીઝમાં ૨-૦થી ક્લીન સ્વીપ કર્યું. ભારતીય ટીમે વેસ્ટ ઈન્ડીઝ વિરુદ્ધની ૨ મેચની ટેસ્ટ સિરીઝમાં ૨-૦થી ક્લીન સ્વીપ કરી લીધું છે. ટીમે મંગળવારે બીજી ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડીઝને ૭ વિકેટથી હરાવ્યું. ભારતે પહેલી ટેસ્ટ ઈનિંગ્સ અને ૧૪૦ રનથી જીતી હતી.

દિલ્હી ટેસ્ટમાં ભારતને ૧૨૧ રનનો ટાર્ગેટ મળ્યો હતો, જે ભારતે ૩ વિકેટના નુકસાને ચેઝ કરી લીધો. કેએલ રાહુલે ચોગ્ગો લગાવીને જીત અપાવી. તે ૫૮ રન બનાવીને અણનમ પરત ફર્યો. શુભમન ગિલે કેપ્ટન તરીકે પોતાના હોમ ગ્રાઉન્ડ પર પહેલી ટેસ્ટ સિરીઝ જીતી છે.એક દિવસ પહેલાં ફોલોઑન રમી રહેલી વેસ્ટ ઈન્ડીઝ બીજી ઈનિંગ્સમાં ૩૯૦ રન બનાવીને ઓલઆઉટ થઈ હતી. પહેલી ઈનિંગ્સમાં ભારતે ૫૧૮ અને વેસ્ટ ઈન્ડીઝે ૨૪૮ રન બનાવ્યા હતા. ભારતને પહેલી ઈનિંગ્સમાં ૨૭૦ રનની મોટી લીડ મળી હતી. ભારતની પહેલી ઈનિંગ્સમાં કેપ્ટન શુભમન ગિલે અણનમ ૧૨૯ અને યશસ્વી જયસ્વાલે ૧૭૫ રન બનાવ્યા હતા.



# ૧૪ વર્ષનો વૈભવ સૂર્યવંશી બિહાર રણજી ટીમનો વાઇસ કેપ્ટન બન્યો




### પહેલા બે રાઉન્ડ માટે ટીમની જાહેરાત, સાકીબુલ ગની કેપ્ટનશીપ કરશે

૧૫ ઓક્ટોબરથી શરૂ થનારી ૨૦૨૫-૨૬ રણજી ટ્રોફી સીઝન માટે વૈભવ સૂર્યવંશીને બિહાર ટીમના વાઈસ-કેપ્ટન તરીકે નિયુક્ત કર્યો છે. ટીમનું નેતૃત્વ બેટર સાકીબુલ ગની કરશે.આ જાહેરાત આ સીઝનની રણજી ટ્રોફીના પહેલા બે રાઉન્ડ માટે છે. આવતા વર્ષની શરૂઆતમાં અંડર-૧૯ વર્લ્ડ કપ યોજાવાનો હોવાથી, વૈભવ આખી સીઝન રમી શકશે તેવી શક્યતા ઓછી છે.બિહાર આ સીઝનમાં પ્લેટ ગ્રૂપમાં છે. ૧૫ ઓક્ટોબરે બિહાર પહેલી મેચમાં અરુણાચલ પ્રદેશ સામે ટકરાશે. ત્યારબાદ ૨૫ ઓક્ટોબરે તેઓ મણિપુર સામે ટકરાશે.૧૪ વર્ષીય વૈભવે ભારતીય અંડર-૧૯ ટીમ માટે રમતી વખતે ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયામાં સદી ફટકારી છે. તાજેતરમાં, ઓસ્ટ્રેલિયાના ભારત અંડર-૧૯ પ્રવાસ દરમિયાન, વૈભવે બ્રિસ્બેનમાં રમાયેલી પ્રથમ યુથ ટેસ્ટમાં ૭૮ બોલમાં સદી ફટકારી હતી. તે ઓસ્ટ્રેલિયામાં મલ્ટી-ડે સિરીઝમાં સેકન્ડ હાઈએસ્ટ રન સ્કોરર હતો. તેણે ત્રણ ઈનિંગ્સમાં કુલ ૧૩૩ રન બનાવ્યા હતા. ભારતે સિરીઝ ૨-૦થી જીતી હતી.તેણે ઓસ્ટ્રેલિયા સામેની ત્રણ યુથ વન-ડેમાં ૧૨૪ રન પણ બનાવ્યા હતા, જેમાં ૬૮ બોલમાં ૭૦ રનનો સમાવેશ થાય છે. તે પહેલા, તેણે ઈંગ્લેન્ડ સામેની પાંચ યુથ વન-ડેમાં ૧૭૪.૦૨ ના સ્ટ્રાઈક રેટથી ૩૫૫ રન બનાવ્યા હતા.ડાબોડી બેટર વૈભવ ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ના ઈતિહાસમાં સદી ફટકારનાર સૌથી યુવા ખેલાડી છે. ૧૪ વર્ષની ઉંમરે, સૂર્યવંશીએ IPL ૨૦૨૫માં ગુજરાત ટાઈટન્સ સામે ૩૫ બોલમાં સદી ફટકારી હતી.

## શ્રેયસ અય્યરે જમીન પર મૂકી ટ્રોફી, પછી રોહિત શર્માએ કર્યું એવું કે લોકો ખુશ થઈ ગયા

ભારતીય ટીમના ભૂતપૂર્વ કેપ્ટન રોહિત શર્મા હાલના દિવસોમાં ઘણા ચર્ચામાં છે. ઓસ્ટ્રેલિયા સામેની વન-ડે મેચ પહેલા જ વનડે ટીમની કપ્તાનીમાંથી દૂર કરાયા બાદ નિવૃત્તિને લઈને અટકળો ચાલી રહી છે. અનેક દિગ્ગજોનું માનવું છે કે રોહિત શર્મા ૨૦૨૭નો વર્લ્ડ કપ નહીં રમી શકે. પરંતુ ચાહકો ક્યાં માનવાના છે! સોશિયલ મીડિયામાં રોહિત શર્માના વખાણના પુલ બંધાઈ રહ્યા છે. તેનું કારણ છે શ્રેયસ અય્યરની ટ્રોફી. અમુક દિવસો પહેલા જ મુંબઈમાં ક્રિકેટ એવોર્ડ્સનું આયોજન કરાયું હતું. આ એવોર્ડના કાર્યક્રમમાં રોહિત શર્મા, સંજૂ સેમસન સહિત ઘણા આંતરરાષ્ટ્રીય ખેલાડીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. જ્યારે શ્રેયસ અય્યરને ઍવોર્ડ અપાયો, ત્યારે તે ટ્રોફી લઈને સ્ટેજ પરથી ઉતર્યો. અય્યરને ત્યારે સીટ પર બેસતા પહેલા જ તેણે ટ્રોફી નીચે રાખી દીધી. શ્રેયસ અય્યરની ઠીક પાછળ રોહિત શર્મા બેઠો હતો. રોહિતે ટ્રોફી હાથમાં લઈને ટેબલ પર રાખી. આ વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયા બાદ ચાહકો રોહિતના ઘણા વખાણ કરી રહ્યા છે. આ પહેલી વાર નથી જ્યારે રોહિત શર્માએ ટ્રોફીનું ખાસ ધ્યાન રાખ્યું હોય. ૨૦૨૪માં જ્યારે ટીમ ઈન્ડિયાએ ૨૦ વર્લ્ડ કપ જીત્યો હતો, ત્યારે રોહિતે



હોટેલમાં ટ્રોફી સાફ કરતો જોવા મળ્યો હતો. તે વર્લ્ડકપ ટ્રોફીને કપડાથી સાફ કરતો જોવા મળ્યો હતો. તે સમયે પણ રોહિતની ઘણી પ્રશંસા થઈ હતી. નોંધનીય છે કે રોહિત શર્મા અને શ્રેયસ અય્યર બન્ને જ ઓસ્ટ્રેલિયા સામેની વનડે સિરીઝમાં જોવા મળશે. રોહિતે ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ના ફાઈનલ બાદથી કોઈ મેચ રમી નથી. આવા સમયમાં આ સિરીઝ સાથે તેનું કમબેક થશે. ચાહકોની નજર હિટમેન પર ટકેલી છે. ૨૦૨૭ વર્લ્ડ કપ સુધી રોહિત ૪૦ વર્ષનો થઈ જશે, જેના કારણે સવાલ ઉઠી રહ્યા છે કે શું તે સમય સુધી પોતાની ફોર્મ અને ફિટનેસ જાળવી શકશે એ તો સમય જ નક્કી કરશે.

# વિમેન્સ વર્લ્ડ કપમાં આજે ન્યૂઝીલેન્ડ અને શ્રીલંકા વચ્ચે મુકાબલો

### કિવિ ટીમ સામે રિધમ અને ફોર્મ જાળવી રાખવાનો પડકાર, બપોરે ૩.૦૦ કલાકે પ્રારંભ







આઈસીસી વિમેન્સ વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપમાં મંગળવારે ન્યૂઝીલેન્ડ અને શ્રીલંકા વચ્ચે મુકાબલો થશે. અગાઉની મેચમાં મળેલા વિજયથી ઉત્સાહિત થયેલી ભૂતપૂર્વ ચેમ્પિયન ન્યૂઝીલેન્ડની ટીમ કોલંબો ખાતે સહ યજમાન શ્રીલંકા સામે મેદાનમાં ઉતરશે ત્યારે કિવિ ટીમ સામે રિધમ અને ફોર્મને જાળવી રાખવાનો મોટો પડકાર રહેશે. બપોરે ૩.૦૦ કલાકે મેચનો પ્રારંભ થશે.આ તરફ શ્રીલંકન ટીમ હજી સુધી એક પણ મેચ જીતી શકી નથી અને તે પોતાના ઘરઆંગણાની પરિસ્થિતિનો ફાયદો ઉઠાવીને મેચ જીતવાના તમામ પ્રયાસ કરશે. ન્યૂઝીલેન્ડની ટીમ ૨૦૦૦ની ચેમ્પિયન ટીમ છે. ન્યૂઝીલેન્ડની શરૂઆત ખરાબ રહી છે અને પ્રથમ બે મુકાબલામાં ઓસ્ટ્રેલિયા તથા સાઉથ આફ્રિકા સામે પરાજયનો સામનો કરવો પડ્યો છે. જોકે બાંગ્લાદેશને હરાવીને કિવિ ટીમે અભિયાન ફરીથી પાટા ઉપર લાવી દીધું છે. ન્યૂઝીલેન્ડની ટીમ હાલમાં પાંચમા ક્રમે છે અને ત્રણ મેચમાં તેના બે પોઈન્ટ છે. કિલિ કેપ્ટન સોફી ડિવાઈન ફોર્મમાં છે અને તેણે ત્રણ ઈનિંગ્સમાં ૮૬.૬૬ની સરેરાશથી રન ફટકારેલા છે. ટોચના ક્રમનું નિરાશાજનક ફોર્મ ન્યૂઝીલેન્ડની મુખ્ય ચિંતા છે. સૂઝી બેટ્સ, જ્યોર્જિયા પ્લિમર તથા અમેલિયા કર્રે સારી શરૂઆતને મોટી ઈનિંગ્સમાં ફેરવી શકી નથી. કિવિ બેટર્સે શ્રીલંકન સ્પિનર્સ સામે સંભાળીને રમવું પડે તેવી સ્થિતિ છે.અહીંના આર. પ્રેમદાસા સ્ટેડિયમમાં સ્પિનર્સનો દબદબો રહ્યો છે અને ૪૧ વિકેટ સ્પિનર્સના ફાળે રહી છે જ્યારે પેસ બોલર્સની વિકેટો કરતાં ૨૭ છે.શ્રીલંકન ટીમ ત્રણ મેચમાં એક પોઈન્ટ ધરાવે છે અને તે માત્ર પાકિસ્તાન કરતાં આગળ સાતમા ક્રમે છે. શ્રીલંકન ટીમ મુખ્યત્વે તેની સુકાની ચમારી અટાપટ્ટુ ઉપર વધારે મદાર રાખે છે. ફિલ્ડિંગમાં પણ સુધારો કરવાની જરૂર છે. છેલ્લી મેચોમાં આસાન કેચ છોડવાની તથા ખરાબ ફિલ્ડિંગની શ્રીલંકન ટીમે મોટી કિંમત ચૂકવી છે. શ્રીલંકન સ્પિનર્સની ભૂમિકા વધુ એક વખત મહત્વપૂર્ણ બની રહેશે.

## વોશિંગ્ટન સુંદરે ૨૦૦ ઓવર માટે ફિલ્ડિંગ વિશે આપ્યું મોટું નિવેદન, કહ્યું- 'આ પીચ પર ૨૦ વિકેટ...'

વેસ્ટ ઈન્ડિઝ સામેની બીજી ટેસ્ટમાં વોશિંગ્ટન સુંદરે સારી બોલિંગ કરી, પરંતુ તેને ફક્ત એક જ વિકેટ મળી. પહેલી ઈનિંગમાં તે વિકેટવિહીન રહ્યો હતો.

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાઈ રહેલી બીજી ટેસ્ટ મેચમાં ટીમ ઈન્ડિયાના બોલરોને બીજી ઈનિંગમાં વિકેટ લેવા માટે ખૂબ જ મહેનત કરવી પડી હતી. ચોથા દિવસે ભારતીય બોલરો વિકેટ લેવા માટે ખૂબ જ સંઘર્ષ કરતા જોવા મળ્યા હતા.આ દરમિયાન ચોથા દિવસની રમત સમાપ્ત થયા પછી ટીમ ઈન્ડિયાના સ્ટાર ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદરે દિલ્હીની પિચ અને ભારતીય ટીમ દ્વારા ૨૦૦ ઓવર ફિલ્ડિંગ વિશે વાત કરી. વોશિંગ્ટન સુંદરે કહ્યું કે તે દિલ્હીની પિચથી બિલકુલ આશ્ચર્યચકિત નથી.ભારતીય બોલરોએ બીજી અને અંતિમ ટેસ્ટની બીજી ઈનિંગમાં વેસ્ટ ઈન્ડીઝને આઉટ કરવા માટે ૧૧૮.૫ ઓવર ફેંકવાની જરૂર હતી. દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમની પીચ બેટિંગ માટે સરળ હતી. બોલરો માટે આ મુશ્કેલ પીચ પર કુલદીપ યાદવે બંને ઈનિંગમાં ૫૫.૫ ઓવરમાં ૧૮૬ રન આપીને ૮ વિકેટ લીધી, જ્યારે વોશિંગ્ટન અને રવિન્દ્ર જાડેજાની સ્પિન ત્રિપુટીએ આ મેચમાં કુલ ૧૩ વિકેટ લીધી.અનુભવી રવિન્દ્ર જાડેજાએ કુલ ૫૨ ઓવરમાં ૪ વિકેટ લીધી. વેસ્ટ ઈન્ડીઝ બીજી



ઈનિંગમાં ૩૯૦ રન સુધી મર્યાદિત રહી, જેનાથી ભારતને જીતવા માટે ૧૨૦ રનનો ટાર્ગેટ મળ્યો. ભારતને હવે પાંચમા દિવસે મેચ જીતવા માટે ૫૮ રન બનાવવાની જરૂર છે.વોશિંગ્ટન સુંદરે ચોથા દિવસની રમત પછી મીડિયા સાથે વાત કરતાં કહ્યું કે "મને લાગે છે કે કુલદીપે આ મેચમાં ખૂબ સારી બોલિંગ કરી." "રિસ્ટ સ્પિનર હોવાને કારણે તેને ચોક્કસપણે પિચમાંથી વધુ મદદ મળી." તેને વધુમાં કહ્યું કે અન્ય બોલરોએ પણ સારી બોલિંગ કરી. ઝડપી બોલરોને વિકેટ મેળવવા માટે સખત મહેનત કરવી પડી. આ પિચ પર ૨૦ વિકેટ લેવી એ એક મોટી સિદ્ધિ છે."વોશિંગ્ટન સુંદરે કહ્યું કે કોટલા પિચના વર્તનથી તેમને આશ્ચર્ય થયું નથી, કારણ કે તે ઘણીવાર ત્યાં જોવા મળે છે. "હું કહીશ કે તે પરંપરાગત દિલ્હી વિકેટ જેવી છે, જ્યાં બહુ ઉછાળો નથી અને દેખીતી રીતે આ મેચમાં સ્પિનરોને વધારે ટર્ન મળ્યો નથી. વિવિધ મેદાનો પર પરિસ્થિતિઓ વ્યાપકપણે બદલાય છે અને તે જ ટેસ્ટ ફોર્મેટની સુંદરતા છે."

# હાર્દિકની નવી રૂમર્ડ ગર્લફ્રેન્ડે તસવીરો શેર કરી:માહિકાએ પંડ્યાનો હાથ પકડેલો ફોટો પોસ્ટ કર્યો




ઈન્ડિયન ક્રિકેટ ટીમનો સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ હાલમાં જ નવી રૂમર્ડ ગર્લફ્રેન્ડના ખુલાસાથી લોકોને મોટું સરપ્રાઈઝ આપ્યું. તેણે મોડેલ માહિકા શર્મા સાથેના ફોટોઝ સોશિયલ મીડિયા પર શેર કર્યા છે. હાર્દિકે આ જાહેરાત પોતાના જન્મદિવસે કરી છે. આ કપલ હાલમાં એક રજાનો આનંદ માણી રહ્યું છે અને બીચ વેકેશન પર ખૂબ મજા કરી રહ્યું છે.

માહિકા શર્માએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર હાર્દિક પંડ્યાનો હાથ પકડેલો એક ફોટો શેર કર્યો છે, જેમાં બંને બગ્ગીની સવારી કરતા જોવા મળે છે. આ તસવીરમાં હાર્દિક પ્રેમથી માહિકાનો હાથ પકડીને બેઠો છે. સોશિયલ મીડિયા પર હાર્દિક પછી, માહિકા પણ ખુલ્લા દિલથી ક્રિકેટર સાથેના ફોટોઝ શેર કરી રહી છે.

હાર્દિક પંડ્યાએ ૧૧ ઓક્ટોબરના રોજ પોતાનો ૩૨મો જન્મદિવસ મનાવ્યો, જે તેણે માલદીવમાં પોતાની ૨૪ વર્ષીય ગર્લફ્રેન્ડ માહિકા શર્મા સાથે ખાસ અંદાજમાં સેલિબ્રેટ કર્યો. માહિકાએ આ અવસરે હાર્દિકની તસવીર શેર કરતા કેક, તાજના ઈમોજી સાથે જન્મદિવસની શુભેચ્છાઓ આપી. પોતાની સ્ટોરીમાં તેણે 'ડેડીઝ હોમ' સોંગ પણ લગાડ્યું. અન્ય એક પોસ્ટમાં માહિકાએ એક બાથટબની તસવીર શેર કરી, જેમાં 'હેપી બર્થ-ડે' લખ્યું અને સાથે પિંક હાર્ટ ઈમોજી પણ હતું. આ સિવાય તેણે એક સુંદર બીચની તસવીર પણ શેર કરી છે, જેમાં બંને સમુદ્ર કિનારે સમય વિતાવતા નજર આવે છે. હાર્દિકે પોતાની પર્સનલ લાઈફને ઘણા સમય સુધી મીડિયા અને લોકોની નજરથી દૂર રાખી હતી, ખાસ કરીને જ્યારથી તેણે એક્ટ્રેસ નતાશા સ્ટેનકોવિકથી અલગ થવાની જાહેરાત કરી. તે પોતાની પૂર્વ ગર્લફ્રેન્ડ જાસ્મિન વાલિયા સાથે પણ ક્યારેય જાહેરમાં જોવા નહોતા મળ્યો, જોકે જાસ્મિન અવારનવાર તેની મેચમાં હાજર રહેતી અને તેનો ઉત્સાહ વધારતી. હાર્દિકે ૨૦૨૦માં કોવિડ-૧૯ મહામારી વચ્ચે નતાશા સ્ટેનકોવિક સાથે સગાઈ કરી હતી, પરંતુ આ કપલે જુલાઈ ૨૦૨૪માં અલગ થવાની ઘોષણા કરી. હવે બે વર્ષ પછી, હાર્દિક પંડ્યા માહિકા શર્મા સાથે પોતાની જિંદગીનો નવો અધ્યાય શરૂ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે.

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
મંગળવાર, તા.૧૪ ઓક્ટોબર ૨૦૨૫ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫



પ્રકાસ પર્વ દિપોત્સવની ઉજવણીનો પ્રારંભ થઈ ગયો છે. સમગ્ર સુરત શહેર રાત્રીના સમયે રોશનીથી જગમગી રહ્યું છે. સુરતના હાર્દસમા કાપડ બજારની માર્કેટોમાં પણ રોશની કરવામાં આવી છે.

# દિવાળી-છઠ્ઠ પૂજા માટે વતને જવા સુરત-ઉધના રેલવે સ્ટેશન પર મુસાફરોની હકડેઠઠ ભીડ

## ભીડ પર નિયંત્રણ રાખવા તેમજ સક્રિય અસામાજિક તત્વોને ઝબ્બે કરવા ડ્રોન સર્વેલન્સ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪**

દિવાળી તેમજ છઠ્ઠ પુજાનો તહેવાર નજીક છે ત્યારે સુરતમાં વસતા પરપ્રાંતિયો વતન તરફ દૌટ મુક્તા હોય છે. સમગ્ર વર્ષ દરમિયાન સુરતમાં રહીને નાના મોટા રોજગાર મેળવતા ઉત્તરભારત, બિહાર સહિતના રાજયના લોકો દિવાળીના તહેવારમાં વતન જવા રવાના થતા હોય છેલ્લા એક અઠવાડીયાથી રેલવેમાં મુસાફરોનો ધસારો જોવા મળી રહ્યો છે. સુરત રેલવે સ્ટેશન ઉપરાંત ઉધનાથી ઉપડતી લાંબા અંતરની ટ્રેનોમાં જાણે કીડીયારૂ ઉભરાતું હોય તેમ લોકો તહેવારને લઈ વતન જવાની તૈયારી કરી રહ્યા છે. દરમિયાન રેલવેમાં ભીડને નિયંત્રીત કરવા માટે ડ્રોન સર્વેલન્સ ઉપરાંત રેલવે પ્રોટેકશન ફોર્સની સાથે સાથે ગુજરાત રેલવે પોલીસ દ્વારા પણ સુરક્ષા વ્યવસ્થા માટે કમર કસવામાં આવી છે. સુરત તેમજ ઉધના રેલવે સ્ટેશનેથી પ્રતિદિવસ ૧૫ થી ૨૦ હજાર મુસાફરો વતન જઈ રહ્યા છે. એક મહિના પહેલાથી ટ્રેનનું બુકીંગ કરાવનારા પરપ્રાંતિયોનો ધસારો વધુ હોય ઉધના તેમજ સુરત રેલવે સ્ટેશન ખાતે આરપીએફ તેમજ જીઆરપી દ્વારા ભીડને નિયંત્રણ કરવા માટે પુરતી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. વેઈટીંગ એરીયામાં પણ કોઈ અવ્યવસ્થા ન ઉભી થાય તેનું પણ પોલીસ દ્વારા ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.

# પુષ્યનક્ષત્રના દિવસે શહેરના નાના-મોટા જ્વેલર્સોને ત્યાં ખરીદી ઉપડી

## આજના અણધાર્યા મુહૂર્તે સોના-ચાંદીના આભુષણો ઉપરાંત લોકોએ વાહનોની પણ ખરીદી કરી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪**

દિવાળી નવા વર્ષના તહેવારની શુક્રવારથી શરૂઆત થઈ રહી છે ત્યારે આજે પુષ્યનક્ષત્રના દિવસે શહેરના નાના-મોટા જ્વેલર્સોને ત્યાં ખરીદી ઉપડી હતી. આજના શુભ મુહૂર્ત પર સોના-ચાંદીના સિક્કા, સોનાની લગડી, ઘરેણા સહિત ભગવાનના આભૂષણો પણ લોકો ખરીદતા હોય છે ત્યારે ઘોડદોડ રોડ ખાતે આવેલા કલામંદિર જ્વેલર્સ, વેસુ ખાતે ખાટુ શ્યામ મંદિર નજીક આવેલા ડી.ખુશાલદાસ જ્વેલર્સ, પચ્ચીગર જ્વેલર્સ (સ્નેહલભાઈ) સહિતના મોટા જ્વેલર્સોને ત્યાં સવારથી જ લોકોનો પુષ્યનક્ષત્રના શુભ મુહૂર્તની ખરીદી માટે ધસારો જોવા મળ્યો હતો.

વૈદિક પંચાગ પ્રમાણે દર વર્ષે કાર્તિક માહના અમાવસની તિથી પર દિવાળીની ઉજવણી થાય ચે. જોકે આ વખતે ૨૦ ઓક્ટોબર ના દિવસે દિપોત્સવનો તહેવાર ઉજવવામાં આવશે. દરમિયાન દિવાળી પહેલા આજના દિવસે પુષ્ય નક્ષત્રનો મહાસંયોગ બન્યો છે. આજે પુષ્યનક્ષત્રના શુભ દિવસે શહેરના વિવિધ બજારોમાં ખરીદી જોવા મળી હતી. આજના તમામ મુહૂર્ત શુભ માનવામાં આવતા હોય ખાસ કરીને સોના-ચાંદીની ખરીદી વધુ જોવા મળી હતી. આ ઉપરાંત લોકોએ આજના મુહૂર્તે વાહનોની ખરીદી તરફ પણ દૌટ મુકી હતી. શહેરના ઘોડદોડ રોડ, પીપલોદ રોડ ખાતે આવેલા મોટા જ્વેલર્સોને ત્યાં આભૂષણોની ખરીદી માટે લોકોની ભીડ જોવા મળી હતી.

# મનપાના આકરણી ક્લાર્કના આસિસ્ટન્ટને લાંચ કેસમાં હાઇકોર્ટે જામીન આપ્યા

## કોસાડના એક રહેવાસીના પ્રોપર્ટી ટેક્ષ બીલમાં નામ દાખલ કરવા રૂ.૫ હજારની લાંચ માંગવામાં આવી હતી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪**

મનપાના આકરણી વિભાગના ક્લાર્કના આસીસ્ટન્ટને રૂ.૫ હજારની લાંચના કેસમાં હાઈકોર્ટે રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવા હુકમ કર્યો હતો. એડવોકેટ મયુર આર.પટેલ અને ધર્મેન્દ્ર પાંડેએ ભારતીય ન્યાય સહિતા લાગુ થઈ ગઈ હોવા છતાં પોલીસ હજી પણ આઈપીસીનો ઉપયોગ કરતી હોવાનું પણ કોર્ટનું ધ્યાન દોરાયું હતું જેની હાઈકોર્ટે નોંધ લીધી હતી.

આ કેસની વિગત અનુસાર કોસાડ ગામની એક સોસાયટીમાં રહેતા મકાન માલિકનું પ્રોપર્ટી ટેક્ષ બીલમાં નામ દાખલ કરવાનું હોય તેમણે સુરત મનપાના એસેસમેન્ટ વિભાગમાં ક્લાર્કને મળ્યા હતા. દરમિયાન ક્લાર્કે તેના આસિસ્ટન્ટ સાથે વાત કરવાનું જણાવતા ઉપરોક્ત કામગીરી કરી આપવા બદલ મકાન ધારક પાસે રૂ.૫ હજારની લાંચ માંગવામાં આવી હતી. આ અંગે સુરત એન્ટી કરપ્શન બ્યુરોમાં ફરીયાદ કરી દેવાતા એસીબીની ટીમે લાંચનું છટકુ ગોઠવીને આરોપી રાહુલ

**અનુસંધાન પાના ૭ પર**

# શિયાળાની ઋતુનો વહેલો પ્રારંભ, રાત્રી સમયે ઠંડકના પ્રમાણમાં વધારો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪**

શિયાળાની આ સિઝન વહેલી શરૂ થવાની હોય તેવું વાતાવરણ બની રહ્યું છે. વિતેલા ત્રણ ચાર દિવસથી દિવસના સમયે ગરમી અને રાત્રિ થતા જ ઠંડકનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. મોડી રાત્રિથી વહેલી સવાર સુધી તાપમાનનો પારો નીચે જતો હોય જાણે શિયાળાની ઋતુ વહેલી શરૂ થવાની શક્યતા વર્તાઈ રહી છે. હવામાન વિભાગ પાસેથી મળતી વિગત અનુસાર વિતેલા અઠવાડીયાથી શહેરમાં બપોરના સમયે મહત્તમ તાપમાનનો પારો ૩૪-૩૫ સેલ્સિયસ ડિગ્રી નોંધાઈ રહ્યો છે. ગઈકાલે પણ મહત્તમ તાપમાન ૩૪.૬ સેલ્સિયસ ડિગ્રી નોંધાતા ગરમી સાથે બફારો રહ્યો હતો. જોકે સાંજ પડતા વાતાવરણ બદલાતું હોય ન્યુનત્તમ તાપમાનનો પારો ૨૦.૬ સેલ્સિયસ ડિગ્રી આજે સવારે નોંધાયો હતો. રાત્રિના સમયે ન્યુનત્તમ તાપમાન ઘટતા ઠંડકનો અહેસાસ થઈ રહ્યો છે. મોડી રાત્રિથી વહેલી સવાર સુધી ન્યુનત્તમ તાપમાનમાં ઘટાડો થતા થોડી ઠંડી પણ અનુભવાઈ રહી છે. આ સિઝનમાં શિયાળો વહેલો બેસી જાય તેવી પણ શક્યતા વર્તાઈ રહી છે.

# દિવાળી પહેલા આરોગ્ય વિભાગનાં ૧૦ મીઠાઈ વિક્રેતાઓને ત્યાં દરોડા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૪**

દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે શહેરના મીઠાઈ વિક્રેતાઓને ત્યાં ફૂડ સેફ્ટીની ચકાસણી માટે દરોડા પાડ્યા છે. ભેળસેળ યુક્ત અથવા હલકી ગુણવત્તાવાળી મીઠાઈઓનું વેચાણ ન થાય તે હેતુથી આરોગ્ય વિભાગની ટીમે એકસાથે ૧૦ જેટલી જગ્યાઓ પર સઘન તપાસ કરી હતી.

આરોગ્ય વિભાગ દ્વારા શહેરના અલગ-અલગ મીઠાઈ વિક્રેતાઓની દુકાનો પર રેડ કરવામાં આવી હતી. આ દરોડા દરમિયાન ટીમ દ્વારા કાજુ કતરી, લાડુ, પેંડા અને અન્ય વિવિધ પ્રકારની મીઠાઈઓના સેમ્પલ લેવામાં આવ્યા હતા. તહેવારો દરમિયાન મીઠાઈની માંગ વધી જતી હોય છે, ત્યારે નફાખોરી માટે વેપારીઓ ભેળસેળ કરતા હોવાની ફરિયાદોને પગલે આ કાર્યવાહી કરવામાં આવી છે. આરોગ્ય વિભાગના અધિકારી ભાવેશ બ્રહ્મભટ્ટએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, દિવાળીના પર્વને ધ્યાનમાં રાખીને જાહેર આરોગ્યની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ૧૦ મીઠાઈ વિક્રેતાઓને ત્યાંથી મીઠાઈઓના સેમ્પલ લેવામાં આવ્યા છેઆરોગ્ય વિભાગ દ્વારા લેવાયેલા તમામ સેમ્પલોને તાત્કાલિક ધોરણે મનપાની લેબ ખાતે મોકલી આપવામાં આવ્યા છે. અધિકારી ભાવેશ બ્રહ્મભટ્ટના જણાવ્યા અનુસાર, આ સેમ્પલનો રિપોર્ટ આગામી ૩ દિવસમાં આવી જશે.

**પશ્ચિમ રેલ્વે**

**સિગ્નલિંગ કાર્ય**

સિનિયર ડિવિઝનલ સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર (દક્ષિણ), બીજો માળ, ડિવિઝનલ રેલ્વે મેનેજર ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮, ઈ-ટેન્ડર નંબર: W_931_2024_466_2025_SG_WA તારીખ: ૦૮/૧૦/૨૦૨૫ આમંત્રિત કરે છે. કાર્યનું નામ:- (i) ચર્ચગેટ-વિરાર-TTR (FS + TWS + WCMSC) - ૮૦ સેટ, TTR (CMSC)-૭૧ સેટ, TTR (CS)-૪૯ સેટ અને SEJs-૬૨ નંબર (ii) ચર્ચગેટ-વિરાર TRR(P) ૧૬.૫૦૧ Tkm અને TSR (P) ૨૪.૬૪૫ Tkm મુંબઈ ડિવિઝન પશ્ચિમ રેલ્વે સાથે સંબંધિત સિગ્નલિંગ કાર્ય. અંદાજિત કાર્યની કિંમત: ૫૮,૩૪,૨૦૩.૩૦. EMD: ૧,૧૬,૭૦૦/-. ઈ-ટેન્ડર દસ્તાવેજો સબમિટ કરવા માટે બંધ કરવાનો સમય અને તારીખ: ૩૦.૧૦.૨૦૨૫ સુધી, ૧૫:૦૦ કલાક. ઈ-ટેન્ડર ખોલવાનો સમય અને તારીખ: ૩૦.૧૦.૨૦૨૫ ના રોજ ૧૫:૩૦ કલાકે. ટેન્ડર વેબસાઈટ www.ireps.gov.in પર જોઈ શકાય છે

0696

અમને લાઈક કરો: facebook.com/WesternRly

